સ્પર્ધાત્મક પરીક્ષાના ટોપર્સ વિદ્યાર્થીઓ માટેનું નં. 1 મેગેઝિન

# ICE® MAGIC

## CURRENT AFFAIRS

**WEEK 30**

[18/07/21 to 24/07/21]


સંપાદક
મૌલિક ગોંધિયા
(Director - ICE)




આજે જ DOWNLOAD કરો ICE APPLICATION

"ICE CLICKS"

ICE APP
ICE CLICKS
ડાઉનલોડ કરો
Google Play

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS




સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે Click કરો.

JOIN OUR WHATSAPP GROUP
joinicerajkot.com



CONTACT US :

93757-01110 | www.iceonline.in | t.me/icerajkotofficial | icerajkot

# Timeline

**18 JULY-2021**


- દિવસ મહિમા : 18 જુલાઈ, નેલસન મંડેલા આંતરરાષ્ટ્રીય દિવસ ........ 02
- ડો. કાદંબિની ગાંગુલી ........ 02
- IPC Section-124(A) : દેશદ્રોહ ........ 03
- QUESTION ANSWERS ........ 04


**19 JULY-2021**


- શ્રી મધુસૂદન વલ્લભદાસ ઠાકર (મધુરાય)ને વર્ષ 2020નો સાહિત્ય ગૌરવ પુરસ્કાર એનાયત ........ 05
- ફરિદાબાદમાં પ્રાગૈતિહાસિક ગુફા ચિત્ર મળી આવ્યું ........ 06
- પેગાસસ સ્પાયવેર (Pagasus Spyware) ........ 07
- QUESTION ANSWERS ........ 08


**20 JULY-2021**


- દિવસ મહિમા : 20 જુલાઈ, આંતરરાષ્ટ્રીય ચેસ દિવસ (International Chess Day) ........ 09
- ભારતીય મજૂર પરિષદ (Indian Labour Conferance) ........ 09
- ADBએ ભારતની આર્થિક વૃદ્ધિનું અનુમાન 10% કર્યું ........ 10
- સંસદનું ચોમાસુ સત્ર ........ 10
- QUESTION ANSWERS ........ 13


**21 JULY-2021**


- કાપુ સમુદાય માટે અનામત ........ 14
- IOC મથુરામાં ભારતનો પ્રથમ ગ્રીન હાઈડ્રોજન પ્લાન્ટ બનાવશે ........ 14
- સ્માઈલ યોજના (Smile Scheme) ........ 15
- QUESTION ANSWERS ........ 16


**22 JULY-2021**


- દિવસ મહિમા : 22 જુલાઈ, રાષ્ટ્રીય કેરી દિવસ (National Mango Day) ........ 17
- રાજકોટ AIIMSનો નવો લોગો જાહેર ........ 17
- DRDOએ 'આકાશ મિસાઈલ' અને 'MPATGM' મિસાઈલનું પરીક્ષણ કર્યું ........ 18
- QUESTION ANSWERS ........ 19


**23 JULY-2021**


- દિવસ મહિમા : 23 જુલાઈ, રાષ્ટ્રીય પ્રસારણ દિવસ ........ 20
- લિવરપૂલને વર્લ્ડ હેરિટેજ સાઈટ્સની સૂચિમાંથી દૂર કરવામાં આવ્યું ........ 20
- કેન્દ્રીય મંત્રીમંડળે લદ્દાખમાં કેન્દ્રીય યુનિવર્સિટી (Central University)ને મંજૂરી આપી ........ 20
- યુનાઈટેડ કિંગ્ડમના કેરિયર સ્ટ્રાઈક ગ્રુપે ભારતીય નૌકાદળ સાથે દરિયાઈ કવાયત શરૂ કરી ........ 21
- QUESTION ANSWERS ........ 21


**24 JULY-2021**


- દિવસ મહિમા : 24 જુલાઈ, આવકવેરા દિવસ (Income Tax Day) ........ 22
- સુશ્રી મીરાબાઈ ચાનુએ ટોકયો ઓલિમ્પિકમાં સિલ્વર મેડલ જીત્યો ........ 22
- RBI ડિજિટલ કરન્સીને પ્રાયોગિક ધોરણે અમલમાં મૂકશે ........ 23
- QUESTION ANSWERS ........ 23

ONE LINER ........ 24

QUESTION OF THIS WEEK ........ 28


ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## દિવસ મહિમા : 18 જુલાઈ, નેલસન મંડેલા આંતરરાષ્ટ્રીય દિવસ

દક્ષિણ આફ્રિકાના ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ શ્રી નેલસન મંડેલાની જન્મ જયંતિ 18 જુલાઈ સંયુક્ત રાષ્ટ્ર દ્વારા 'નેલસન મંડેલા આંતરરાષ્ટ્રીય દિવસ' તરીકે ઉજવવામાં આવે છે.

- વર્ષ 2010માં દર વર્ષે 18 જુલાઈએ આ દિવસની ઉજવણી કરવાનું નક્કી કરાયું હતું.
- તેમનો જન્મ 18 જુલાઈ, 1918ના રોજ દક્ષિણ આફ્રિકાના મેવોઝ કેપ પ્રાંત ખાતે થયો હતો.
- દક્ષિણ આફ્રિકામાં રંગભેદની નીતિ નાબૂદ કરનારા શ્રી નેલસન મંડેલાને તેમના દેશમાં તે જ સ્થાન છે જે આપણા દેશમાં મહાત્મા ગાંધીજીનું છે.
- મહાત્મા ગાંધીજીની જેમ અહિંસાના માર્ગ પર ચાલનારા શ્રી નેલસન મંડેલાએ રંગભેદ સામે લડતા 27 વર્ષ જેલમાં વિતાવ્યા હતા.
- જેલમાંથી મુક્ત થયા બાદ સમાધાન અને શાંતિની નીતિ દ્વારા તેમણે લોકશાહી અને વિવિધતાવાળા આફ્રિકાનો પાયો નાખ્યો હતો.
- શ્રી નેલસન મંડેલાને હિંમત, કરૂણા અને સ્વતંત્રતા, શાંતિ અને સામાજિક ન્યાયપ્રત્યે પ્રતિબદ્ધતાનું વૈશ્વિક પ્રતીક માનવામાં આવે છે.
- તેઓ વર્ષ 1994થી 1999 સુધી દક્ષિણ આફ્રિકાના રાષ્ટ્રપતિ હતા.

## ડો. કાદંબિની ગાંગુલી



તાજેતરમાં ગૂગલે એનિમેટેડ ડૂડલ દ્વારા ભારતના પ્રથમ પ્રશિક્ષિત મહિલા ડોક્ટર સુશ્રી કાદમ્બિની ગાંગુલીને તેમના 160માં જન્મ દિવસ પર શ્રદ્ધાંજલી આપી હતી.

- સુશ્રી કાદમ્બિની ગાંગુલી કલકત્તા મેડિકલ કોલેજમાં પ્રવેશ મેળવનાર પ્રથમ મહિલા હતા.
- તેમનું નામ ઘણીવાર સુશ્રી આનંદી ગોપાલ સાથે યાદ કરવામાં આવે છે. વર્ષ 1886માં બંનેએ સાથે ડોક્ટર(તબિબિ)ની ડિગ્રી મેળવી હતી.
- સુશ્રી કાદમ્બિની ગાંગુલીનો જન્મ 18 જુલાઈ, 1861ના રોજ બિહારના ભાગલપુર ખાતે થયો હતો.
- તેમણે તબિબિ સેવા તેમજ ભારતીય મહિલા અધિકાર ચળવળમાં મહત્ત્વની ભૂમિકા ભજવી હતી.
- તેઓ વર્ષ 1889ના ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના પ્રથમ મહિલા પ્રતિનિધિમંડળના છ સભ્યોમાંના એક હતા.
- પ્રખ્યાત લેખક સુશ્રી એનિ બેસન્ટે પોતાના પુસ્તકમાં સુશ્રી કાદમ્બિની ગાંગુલીને 'ભારતની આઝાદીમાં ભારતની નારિત્વ'નું પ્રતીક ગણાવ્યું છે.
- આ સન્માન ગુગલ દ્વારા એવા સમયે આપવામાં આવ્યું છે, જ્યારે સમગ્ર દુનિયા કોરાના વાયરસ મહામારી સામે લડી રહી છે. અને ડોકટરો આ મહામારીના ફ્રન્ટલાઈન પર તેમનો સામનો કરી રહ્યા છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

# IPC Section-124(A) : દેશદ્રોહ

તાજેતરમાં સુપ્રીમ કોર્ટમાં દેશદ્રોહના કાયદા પર પુર્નવિચારણા કરવા એક અરજી કરવામાં આવી હતી.

- એડિટર્સ ગિલ્ડ ઓફ ઈન્ડિયા અને ભારતીય સેનાના એક નિવૃત્ત મેજર જનરલ દ્વારા IPCની કલમ 124(A) અંગેની અરજી દાખલ કરી હતી.
- આ અરજીની સુનાવણી કરતા ચીફ જસ્ટિસની બેન્ચે જણાવ્યું હતું કે આઝાદીના 75 વર્ષ પછી અંગ્રેજોના દેશદ્રોહ અંગેના કાયદાની શું જરૂર છે.
- રાજદ્રોહનો ઉલ્લેખ ભારતીય દંડ સંહિતા (IPC)ની કલમ 124(A)માં કરવામાં આવ્યો છે.

## રાજદ્રોહ કાયદાની પૃષ્ઠભૂમિ

17મી સદીમાં ઈંગ્લેન્ડમાં રાજદ્રોહના કાયદા હંમેશા ઘડવામાં આવતા હતા; ત્યારે સંસદ સભ્યોનું એવું માનવુ હતું કે સરકારના સારા અભિપ્રાયોને જ પ્રોત્સાહન આપવું જોઈએ, કારણ કે સરકારના નકારાત્મક વિચારો સરકાર અને રાજાશાહી માટે નુકસાનકારક હોઈ શકે છે.

- આ કાયદો મૂળરૂપે બ્રિટિશ ઈતિહાસકાર–રાજકારણી થોમસ મેકોલેએ વર્ષ 1837માં ઘડયો હતો.
- પરંતુ આ જોગવાઈને વર્ષ 1860માં ભારતીય દંડ સંહિતા (IPC)માં સમાવવામાં આવી ન હતી.
- જોકે, વર્ષ 1870માં, જ્યારે આવા ગુનાઓ સાથે વ્યાવહાર કરવા માટે કાયદાની જરૂરિયાત અનુભવાઈ ત્યારે સર જેમ્સ સ્ટીફન દ્વારા એક સુધારો રજૂ કરવામાં આવ્યો હતો.
- અને તેના દ્વારા ભારતીય દંડ સંહિતા (IPC)માં કલમ 124(A) ઉમેરવામાં આવી હતી.
- અસંમતિના કોઈપણ અવાજને દબાવવા માટે તે સમયે ઘડવામાં આવેલા ઘણા કઠોર કાયદાઓમાંનો તે એક હતો.
- આ કાયદાનો ઉપયોગ બ્રિટિશ અધિકારીઓએ મહાત્મા ગાંધીજી અને શ્રી બાલ ગંગાધર તિલક જેવા અગ્રણી નેતાઓની ધરપકડ કરવા અને તેમના અવાજને દબાવવા માટે પણ કરવામાં આવ્યો હતો.
- વર્તમાનમાં ભારતીય દંડ સંહિતા (IPC)ની કલમ 124(A) હેઠળ દેશદ્રોહ એ ગુનો બને છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## IPCની કલમ-124(A)

**કલમ-124(A) : રાજદ્રોહ**

- જે કોઈ વ્યક્તિ, બોલેલા કે લખેલા શબ્દો વડે, ચિન્હો વડે અથવા જોઈ શકાય તેવી નિશાનીઓ વડે, કે અન્ય રીતે ભારતમાં કાયદાથી સ્થપાયેલી સરકાર પ્રત્યે ધિક્કાર અથવા તિરસ્કાર કે અનાદાર ઉત્પન્ન કરે અથવા તેમ કરવાની કોશિશ કરે અથવા તેના સામે બેદિલી ફેલાવે કે તેમ કરવાની કોશિશ કરે, તો તેને દંડ કરી શકાય તેવી આજીવન કેદની અથવા સાથે દંડ કરી શકાય તેવી ત્રણ વર્ષ સુધીની કેદની અથવા દંડની શિક્ષા કરવામાં આવશે.

નોંધ : 'બેદિલી' શબ્દમાં બિન વફાદારી અને દુશ્માનાવાટની તમામ લાગણીઓનો સમાવેશ થાય છે.

1. 'નેલસન મંડેલા આંતરરાષ્ટ્રીય દિવસ' કયા દિવસે ઉજવવામાં આવે છે ?

(A) 17 જુલાઈ (B) 18 જુલાઈ (C) 19 જુલાઈ (D) 20 જુલાઈ **(B)**

2. શ્રી નેલસન મંડેલા કયા દેશના ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ હતા ?

(A) અમેરિકા (B) કેનેડા (C) જર્મની (D) દક્ષિણ આફ્રિકા **(D)**

3. શ્રી નેલસન મંડેલાએ રંગભેદ સામે લડતા કેટલા વર્ષ જેલામાં વિતાવ્યા હતા ?

(A) 30 (B) 27 (C) 20 (D) 17 **(B)**

4. સુશ્રી કાદમ્બિની ગાંગુલીના કેટલામાં જન્મદિવસ નિમિત્તે ગૂગલ એનિમેટેડ ડૂડલ દ્વારા શ્રદ્ધાંજલી આપી હતી ?

(A) 160 (B) 165 (C) 170 (D) 175 **(A)**

5. કલકત્તા મેડિકલ કોલેજમાં પ્રવેશ મેળવનાર પ્રથમ મહિલા કોણ હતા ?

(A) સુશ્રી કાદમ્બિની ગાંગુલી (B) સુશ્રી અરૂણા ગાંગુલી


(C) સુશ્રી મેઘના પાઠક (D) સુશ્રી રેખા શર્મા **(A)**

6. IPCની કઈ કલમમાં રાજદ્રોહના ગુના અંગેની જોગવાઈ કરવામાં આવી છે ?

(A) 121(A) (B) 122(A) (C) 123(A) (D) 124(A) **(D)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

GPSC 1/2, PSI/CONSTABLE, STI, Dy.SO, Dy.મામલતદાર, Sr.Clerk, ATDO, તલાટી, TET, TAT
બિનસચિવાલય કલાર્ક વગેરે વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે અત્યંત ઉપયોગી પુસ્તક



ગુજરાતી સાહિત્ય
- આપણું ઘરેણું
285 સાહિત્યકારોનું આલેખન
પાઠ્ય પુસ્તક ધો. 6 થી 12ના સાહિત્યકારોનો સમાવેશ
સાહિત્યકારો તથા કૃતિઓને યાદ રાખવા માટેની ટેક્નિક
સાહિત્ય સંસ્થાઓ, સર્જકો, પુરસ્કારો, કટારો, તખલ્લુસ તથા વિવિધ યુગવિભાગોનો સમાવેશ
ગુજરાતી ભાષા અને સાહિત્યનું સંપૂર્ણ પરીક્ષાલક્ષી પુસ્તક
NOW AVAILABLE
ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS
VISIT OUR WEBSITE
www.iceonline.in
93753-01110

# શ્રી મધુસૂદન વલ્લભદાસ ઠાકર (મધુરાય)ને વર્ષ 2020નો સાહિત્ય ગૌરવ પુરસ્કાર એનાયત



ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા વર્ષ 2020ના સાહિત્ય ગૌરવ પુરસ્કાર માટે પ્રસિદ્ધ ગુજરાતી સાહિત્યકાર શ્રી મધુસૂદન ઠાકરની પસંદગી કરવામાં આવી છે.

- ગુજરાત સાહિત્ય અકાદમી ગાંધીનગર દ્વારા 'સાહિત્ય ગૌરવ પુરસ્કાર' 2020ની સાથે 'યુવા ગૌરવ પુરસ્કાર' 2019 અને 2020ના નામો પણ જાહેર કરવામાં આવ્યા છે.

## શ્રી મધુસૂદન ઠાકર

જન્મ : 16 જુલાઈ 1942, જામખંભાળિયા (દેવભૂમિ દ્વારકા)

તખલ્લુસ : મધુરાય, ગગનવાલા

પિતાનું નામ : શ્રી વલ્લભદાસ ઠાકર

## શ્રી મધુસૂદન ઠાકરની મહત્ત્વની કૃતિઓ

- નવલકથાઓ : ચહેરા, કામિની, કલ્પતરુ, કિમ્બલ રેવન્સવુડ, 'સુરા, સુરા, સુરા'
- વાર્તાસંગ્રહો : બાંશી નામની એક છોકરી, કાલસર્પ
- નાટકો : કોઈપણ એક ફૂલનું નામ બોલો તે ?, આપણે કલબમાં મળ્યા હતા.
- એકાંકી : અશ્વત્થામા, કાન્તા કહે છે.

## મધુસૂદન ઠાકરની અન્ય કૃતિઓ

- નવલકથાઓ : સભા, સાપબાજી, મુખસુખ
- વાર્તાસંગ્રહો : રુપકથા, મોરે પિયા ગયે રંગૂન
- નાટકો : કુમારની અગાશી, પાનકોર નાકે જઈ, ડો. શત્રુજિત દલાલનું મન, યોગેશ પટેલનું વેવિશાળ
- રૂપાતંરિત નાટકો : શરત, ખેલન્દો, ચાન્સ, સંતુ રંગલી

નોંધ : (1) 'કલ્પવૃક્ષ' અથવા તો 'કલ્પતરુ' એ મધુરાયની કોમ્પ્યુટર નવલકથા એટલે કે સીધી જ કોમ્પ્યુટર પર લખાયેલી નવલકથા છે.

(2) મધુરાયને વર્ષ 1999માં રણજીતરામ સુવર્ણચંદ્રક એવોર્ડ પણ એનાયત થયો હતો.

## સાહિત્ય ગૌરવ પુરસ્કાર

- ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર દ્વારા દર વર્ષે ગુજરાતી, હિન્દી, સંસ્કૃત, સિંધી, ઉર્દુ અને કચ્છી એમ કુલ 6 ભાષામાં મહત્ત્વનું પ્રદાન કરનાર મૂર્ધન્ય (એટલે કે ટોચના) સાહિત્યકારોને 'સાહિત્ય ગૌરવ પુરસ્કાર'થી સન્માનિત કરવામાં આવે છે.
- આ અંતર્ગત ગુજરાતી સાહિત્યમાં ઉત્કૃષ્ટ પ્રદાન માટે શ્રી મધુસૂદન ઠાકરને વર્ષ 2020નો આ પુરસ્કાર એનાયત થયો છે.
- આ પુરસ્કાર અંતર્ગત વિજેતા સાહિત્યકારને એક પ્રતિમા, શાલ અને રૂ. 1 લાખ રોકડ પુરસ્કાર અર્પણ કરવામાં આવે છે.
- વર્ષ 1983માં સૌપ્રથમ શ્રી વિષ્ણુપ્રસાદ ત્રિવેદીને આ પુરસ્કાર એનાયત થયો હતો.

INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

નોંધ : (1) વર્ષ 1985માં શ્રી ઉમાશંકર જોષીને આ પુરસ્કાર એનાયત થયો હતો, પરંતુ તેમણે આ પુરસ્કાર સ્વીકારવાનો ઈન્કાર કર્યો હતો.

(2) વર્ષ 2018માં શ્રી મોહમ્મદ માંકડને આ પુરસ્કાર એનાયત થયો હતો.

## યુવા ગૌરવ પુરસ્કાર 2019-20

ગુજરાત સાહિત્ય અકાદમી ગાંધીનગર દ્વારા સાહિત્ય ગૌરવ પુરસ્કારની સાથે 2019 અને 2020ના 'યુવા ગૌરવ પુરસ્કાર'ના નામો પણ જાહેર કરવામાં આવ્યા છે.

- વર્ષ 2019નો 'યુવા ગૌરવ પુરસ્કાર' શ્રી પ્રશાંત પટેલને એનાયત કરવામાં આવશે.
- તથા વર્ષ 2020નો 'યુવા ગૌરવ પુરસ્કાર' સુશ્રી રીંકુબેન રાઠોડને એનાયત કરવામાં આવશે.
- સુશ્રી રીંકુબેન રાઠોડ દાહોદ જિલ્લાના નવાગામ (બોરડી)ના વતની છે. અત્યાર સુધીમાં તેમના બે ગઝલ સંગ્રહ અને બે પુસ્તકો પણ પ્રકાશિત થઈ ચૂકયા છે.
- જાણીતા સંશોધક–સંપાદક શ્રી પ્રશાંત પટેલ હાલ ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીમાં સાહિત્યનું અધ્યાપન કરાવી રહ્યા છે.

નોંધ : (1) યુવા ગૌરવ પુરસ્કાર 'ગુજરાતી સાહિત્ય અકાદમી' દ્વારા ગુજરાતી લેખકોને અપાતો સાહિત્યનો પુરસ્કાર છે. આ પુરસ્કારની સ્થાપના વર્ષ 2007માં યુવાન ગુજરાતી લેખકોને પ્રોત્સાહન આપવા માટે થઈ હતી.

(2) યુવા ગૌરવ પુરસ્કારમાં પ્રમાણપત્ર, શાલ અને રૂ. 50,000ની રોકડ રકમ એનાયત કરવામાં આવે છે.

(3) સંસ્કૃત સાહિત્યનો 2020નો યુવા ગૌરવ પુરસ્કાર સુશ્રી રાજવી ઓઝાને એનાયત થયો છે.

## ફરિદાબાદમાં પ્રાગૈતિહાસિક ગુફા ચિત્ર મળી આવ્યું

તાજેતરમાં પુરાતત્ત્વવિદોએ હરિયાણા રાજ્યના ફરિદાબાદ નજીક પ્રાગૈતિહાસિક સ્થળ મંગર બાની પહાડી જંગલમાં ગુફા ચિત્રો શોધી કાઢયા છે.



- આ ચિત્રો લગભગ 1 લાખ વર્ષ જૂના હોવાનો અંદાજ છે.
- સંશોધકો દ્વારા કરવામાં આવેલા અભ્યાસ મુજબ આ સ્થળ પર પ્રાગૈતિહાસિક વસવાટની તારીખ આશરે 1,00,000થી 15,000 વર્ષ પૂર્વેની હોઈ શકે છે.
- જો કે, સંશોધનકારોને અહીંથી 8મી અને 9મી સદી સુધીના વસવાટના પણ પુરાવા મળી આવ્યા છે.
- એવું કહી શકાય કે મંગર બાની પહાડી જંગલ એ ભારતીય ઉપખંડના સૌથી મોટા જૂના સ્થળોમાંનું એક હોઈ શકે છે.
- જ્યાં ખુલ્લા મેદાન તેમજ રોક આશ્રયસ્થાનોમાંથી પથ્થર યુગના સાધનો પણ પ્રાપ્ત થયા છે.
- પર્યાવરણીય કાર્યકર શ્રી સુનિલ હરસાનાએ પુરાતત્ત્વીય વિભાગનું ધ્યાન આ ગુફા ચિત્ર તરફ દોર્યું હતું.

INSTITUTE OF COMPETITIVE EXAMS

## પેગાસસ સ્પાયવેર (Pagasus Spyware)




તાજેતરમાં સમાચારોમાં રહેલ પેગાસસ સ્પાયવેર સોફ્ટવેર પર ભારતમાં કેટલાક પત્રકારો, નેતાઓ અને નામાંકિત લોકો પર નજર રાખવા અને જાસુસીનો ઉપયોગ કરવાનો આરોપ મુકવામાં આવ્યો છે.

- 'વોશિંગ્ટન પોસ્ટ' અને 'ધ ગાર્ડિયન' સહિત અનેક મીડિયા પોર્ટલે જાહેર કરેલી યાદી મુજબ ઈઝરાયલની એક કંપનીએ બનાવેલા જાસુસી માટેનું સોફ્ટવેર પેગાસસ દ્વારા ભારતના 2 કેન્દ્રીય મંત્રીઓ, 40થી વધારે પત્રકારો, વિપક્ષના ત્રણ નેતાઓ અને ન્યાયાધીશ સહિત અન્ય 300 લોકોની જાસુસી કરવામાં આવી છે.

### પેગાસસ (Pagasus)

પેગાસસ એ દૂષિત સોફ્ટવેર અથવા મૈલવેયર છે જેને સ્પાયવેર તરીકે વર્ગીકૃત કરવામાં આવ્યું છે.

- શક્તિશાળી પેગાસસ સ્પાયવેર સોફ્ટવેર મોબાઈલ તેમજ કમ્પ્યુટરમાંથી ગોપનીય અને વ્યક્તિગત માહિતી ચોરી શકે છે અને હેકર્સ સુધી તે પહોંચાડે છે.
- આ સોફ્ટવેરને સ્પાયવેર કહેવા પાછળનું કારણ એ છે કે તેને કોઈપણ વ્યક્તિના ફોનમાં મોકલીને તેની જાસુસી કરી શકાય છે.
- પેગાસસને ઈઝરાયલની કંપની NSO ગ્રુપ દ્વારા વિકસિત કરવામાં આવ્યું છે, જેની સ્થાપના વર્ષ 2010માં કરવામાં આવી હતી.
- રિપોર્ટ અનુસાર પેગાસસ સાથે જોડાયેલી જાણકારી પ્રથમ વખત વર્ષ 2016માં સંયુક્ત આરબ અમિરાતના માનવાધિકાર કાર્યકર્તા શ્રી અહમદ મંસૂરને કારણે બહાર આવી હતી. તેમના આઈફોન-6 મોબાઈલ પર SMS લિંકની સાથે નિશાન બનાવવામાં આવ્યા હતા. જેને 'સ્પિયર–ફિશિંગ' (ભાલા માછીમારી) કહેવામાં આવે છે.

નોંધ : (1) ભારતમાં 'ઈન્ડિયન ટેલિગ્રાફ એક્ટ, 1885' મુજબ કેન્દ્ર અને રાજ્ય સરકારો પાસે માત્ર ફોન ટેપિંગ કરવાનો અધિકાર છે.

(2) આઈટી એક્ટ અંતર્ગત મોબાઈલ કે કમ્પ્યુટરમાં કોઈપણ પ્રકારના વાયરસ અને સોફ્ટવેર થકી જાસૂસી કરવી ગેરકાયદેસર છે.

(3) પેગાસસનો ગ્રીક દંતકથાઓમાં અર્થ થાય છે દિવ્ય શક્તિ યુક્ત પાંખો ધરાવતો ઘોડો. ઈઝરાયલની કંપનીએ પોતાના સ્પાયવેરનું નામ આ ગ્રીક દંતકથાઓ પરથી જ રાખ્યું છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

1. ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા વર્ષ 2020નો સાહિત્ય ગૌરવ પુરસ્કાર કોને એનાયત કરવામાં આવ્યો છે ?

(A) શ્રી હરિશ મિનાશ્રુ (B) શ્રી મધુસૂદન ઠાકર (C) શ્રી મહમ્મદ માંકડ (D) શ્રી પ્રશાંત પટેલ (B)

2. ગુજરાતના પ્રસિદ્ધ સાહિત્યકાર શ્રી મધુસૂદન ઠાકરનું પૂરું નામ જણાવો ?

(A) શ્રી મધુસૂદન વલ્લભભાઈ ઠાકર (B) શ્રી મધુસૂદન વ્યાસભાઈ ઠાકર

(C) શ્રી મધૂસૂદન રસિકલાલ ઠાકર (D) શ્રી મધુસૂદન નગીનદાસ ઠાકર (A)

3. કયા ગુજરાતી સાહિત્યકાર 'મધુરાય' અને 'ગગનવાલા' ઉપનામથી જાણીતા છે ?

(A) શ્રી રતિલાલ બોરિસાગર (B) શ્રી ચીનુ મોદી

(C) શ્રી રસિક શાહ (D) શ્રી મધુસૂદન ઠાકર (D)

4. ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા વર્ષ 2019નો 'યુવા ગૌરવ પુરસ્કાર' કોને એનાયત થયો છે ?

(A) શ્રી સાગર શાહ (B) શ્રી પ્રશાંત પટેલ

(C) શ્રી જિગર જોશી (D) શ્રી ગિરીશ પરમાર (B)

5. ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા વર્ષ 2020નો 'યુવા ગૌરવ પુરસ્કાર' કોને એનાયત થયો છે ?

(A) સુશ્રી રીંકુ રાઠોડ (B) સુશ્રી ઈશિતા દવે

(C) સુશ્રી રીંકુ ચૌહાણ (D) સુશ્રી ઈશિતા જોષી (A)

6. તાજેતરમાં ફરિદાબાદમાં પ્રાગૈતિહાસિક સ્થળ મંગર બાની પહાડી જંગલમાં ગુફા ચિત્રો મળી આવ્યા છે તે કયા રાજ્યમાં સ્થિત છે ?

(A) રાજસ્થાન (B) હરિયાણા (C) ઉત્તરાખંડ (D) બિહાર (B)

7. તાજેતરમાં કયા સોફટવેર પર ભારતમાં નેતાઓ, પત્રકારો અને નામાંકિત લોકોની જાસુસી કરવાનો આરોપ મુકવામાં આવ્યો છે ?

(A) એડાલોમ (B) પેગાસસ (C) અમ્બડોકસ (D) એપસેક (B)

8. પેગાસસ સોફટવેર ઈઝરાયલની કઈ કંપની દ્વારા વિકસિત કરવામાં આવ્યું છે ?

(A) NSO (B) MSO (C) RSO (D) FLO (A)

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## દિવસ મહિમા : 20 જુલાઈ, આંતરરાષ્ટ્રીય ચેસ દિવસ (International Chess Day)

## ભારતીય મજૂર પરિષદ (Indian Labour Conferance)



તાજેતરમાં 'ભારતીય મજૂર સંઘ'એ વડાપ્રધાનને પત્ર લખીને 'ભારતીય મજૂર પરિષદ' યોજવાનું કહ્યું છે.

- ભારતીય મજૂર સંઘની એવી રજૂઆત છે કે ભારતીય સંસદે 'આંતરરાષ્ટ્રીય મજૂર સંગઠન'ના સંમેલન **144**ને બહાલી આપી છે, તેથી આ ત્રિપક્ષીય પ્રણાલીને મજબૂત બનાવવા માટે 'ભારતીય મજૂર પરિષદ' યોજવાનું ભારત સરકારની કાનૂની જવાબદારી છે.

### ભારતીય મજૂર પરિષદ

આંતરરાષ્ટ્રીય મજૂર પરિષદની તર્જ પર આયોજિત 'ભારતીય મજૂર પરિષદ'ને દેશના 'મજૂર સંસદ' તરીકે પણ ઓળખવામાં આવે છે.

- તે શ્રમ અને રોજગાર મંત્રાલયની ટોચની ત્રિપક્ષીય (સરકાર, રોજગાર અને કામદારો) સમિતિ છે.
- આંતરરાષ્ટ્રીય મજૂર પરિષદ જેને 'આંતરરાષ્ટ્રીય મજૂર સંસદ' તરીકે પણ ઓળખવામાં આવે છે. તેનું આયોજન આંતરરાષ્ટ્રીય મજૂર સંગઠન દ્વારા દર વર્ષે કરવામાં આવે છે.
- દરેક સભ્ય રાજ્યનું પ્રતિનિધિત્વ બે સરકારી પ્રતિનિધિઓ, એક નિયોક્તા પ્રતિનિધિ, એક કાર્યકર પ્રતિનિધિ અને તેમના સંબંધિત સલાહકાર ધરાવતા પ્રતિનિધિ મંડળ દ્વારા કરવામાં આવે છે.
- ભારતીય મજૂર પરિષદની પ્રથમ બેઠક વર્ષ **1942**માં યોજાઈ હતી. ત્યારે તેમને ત્રિપક્ષીય રાષ્ટ્રીય મજૂર પરિષદ તરીકે ઓળખવામાં આવતું હતું.
- ભારતીય મજૂર પરિષદના અત્યાર સુધીમાં કુલ **46 સત્રો** યોજાયા છે. તેનું સૌથી તાજેતરનું સત્ર વર્ષ **2015**માં યોજાયું હતું.
- તેમનું કાર્ય દેશમાં મજૂર વર્ગને લગતા મુદ્દાઓ પર સરકારને સલાહ આપવાનું છે.
- ભારતીય મજૂર પરિષદના સભ્યોમાં સેન્ટ્રલ ટ્રેડ યુનિયન ઓર્ગેનાઈઝેશન, સેન્ટ્રલ ઓર્ગેનાઈઝેશન ઓફ એમ્પ્લોયર્સ, તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશો તથા આ એજન્ડા સાથે સંબંધિત કેન્દ્રીય મંત્રાલયો અને વિભાગોનો સમાવેશ થાય છે.

નોંધ : (1) આંતરરાષ્ટ્રીય મજૂર સંગઠન સંયુક્ત રાષ્ટ્રની એકમાત્ર ત્રિપક્ષીય સંસ્થા છે.

(2) વર્ષ **1969**માં આંતરરાષ્ટ્રીય મજૂર સંગઠનને નોબેલ શાંતિ પુરસ્કાર એનાયત થયો હતો.

(3) તેની સ્થાપના વર્ષ **1919**માં લીગ ઓફ નેશન્સ (League of Nations)ની સંલગ્ન એજન્સી તરીકે વર્સેલ્સની સંધિ દ્વારા કરવામાં આવી હતી. તથા વર્ષ **1946**માં તે સંયુક્ત રાષ્ટ્ર સાથે સંકળાયેલ પ્રથમ વિશિષ્ટ એજન્સી બની હતી.

(4) તેનું મુખ્ય મથક સ્વિત્ઝર્લેન્ડના જિનીવા ખાતે આવેલું છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ADBએ ભારતની આર્થિક વૃદ્ધિનું અનુમાન 10% કર્યું

એશિયન ડેવલપમેન્ટ બેંક (ADB)એ વર્તમાન નાણાકીય વર્ષ માટે ભારતની આર્થિક વૃદ્ધિનું અનુમાન 11%થી ઘટાડીને 10% કર્યું છે.

- આ ડાઉનગ્રેડ કોરોના મહામારીની બીજી લહેરની વિપરીત અસરને ધ્યાનમાં રાખીને કરવામાં આવ્યું છે.
- ADBએ આ પહેલા એપ્રિલમાં વૃદ્ધિદર 11 ટકા રહેવાનું અનુમાન કર્યું હતું.
- આ ઉપરાંત નાણાકીય વર્ષ 2022-23 માટે વૃદ્ધિનું પૂર્વનુમાનને 7 ટકાથી વધારીને 7.5% કર્યું છે.
- કારણે તે સમય સુધીમાં મોટા ભાગની વસતી રસીકરણ કરશે અને આર્થિક પ્રવૃત્તિઓ સામાન્ય થઈ જશે.
- ADBએ ચીનનો વૃદ્ધિ દર 2021માં 8% અને 2022માં 5.5% રહેવાનો અંદાજ દર્શાવ્યો છે.


## સંસદનું ચોમાસુ સત્ર

તાજેતરમાં મંત્રીપરિષદ અને કેબિનેટ સમિતિઓમાં ફેરફાર કર્યા બાદ સંસદનું ચોમાસુ સત્ર શરૂ થયું છે.

### સંસદીય સત્ર

દેશના સંચાલન માટે વિવિધ કાયદાઓ અને નિયમો દેશની ધારાકીય પાંખ એટલે કે સંસદ દ્વારા તૈયાર કરવામાં આવે છે. આ નિયમો અને કાયદાઓ બનાવવા સંસદ સત્રનું આયોજન કરે છે.

- માનનીય રાષ્ટ્રપતિ અનુચ્છેદ-85 અનુસાર વડાપ્રધાનની સલાહથી સંસદનું સત્ર સમયાંતરે બોલાવે છે.
- ભારતમાં કોઈ નિશ્ચિત સંસદીય કેલેન્ડર નથી. પરંપરા મુજબ સંસદના ત્રણ સત્રો હોય છે.
- સૌથી લાંબુ બજેટ સત્ર (પ્રથમ સત્ર) જાન્યુઆરીના અંતમાં શરૂ થાય છે અને એપ્રિલના અંતમાં અથવા મેના પ્રથમ અઠવાડિયામાં સમાપ્ત થાય છે.
- બીજુ સત્ર એ ત્રણ અઠવાડિયાનું ચોમાસુ સત્ર છે, જે સામાન્ય રીતે જુલાઈ મહિનામાં શરૂ થાય છે અને ઓગસ્ટ (અથવા સપ્ટેમ્બર)માં સમાપ્ત થાય છે.
- શિયાળુ સત્ર એટલે કે ત્રીજુ સત્ર નવેમ્બરથી ડિસેમ્બર સુધી યોજવામાં આવે છે.




- સંસદના બે સત્રો વચ્ચે 6 મહિનાથી વધુ સમયગાળો ન હોવો જોઈએ. અર્થાત્ વર્ષમાં ઓછામાં ઓછા બે સત્રો તો યોજાવા જરૂરી છે. સંસદના બે સત્ર વચ્ચેના ખાલી સમયગાળાને 'સત્રાવકાશ' કહે છે.

# સ્થગન, સત્રાવસાન અને કોરમ

## સ્થગન

સ્થગનનો અર્થ થાય છે કે સંસદનું સત્ર અમુક સમય સુધી મોકૂફ રાખવું. અહીં સમયગાળો મિનિટમાં, કલાકમાં કે થોડા દિવસ માટે હોય છે.

- સત્ર સ્થગનનો પ્રભાવ ગૃહના કોઈ પ્રસ્તાવ પર પડતો નથી. અર્થાત્ સત્ર મુલતવી સમય પૂરો થયા બાદ ફરી તે પ્રસ્તાવ પર પ્રક્રિયા શરૂ થાય છે પ્રસ્તાવ રદ થતો નથી.
- સ્થગન જાહેર કરવાનો અધિકાર ગૃહના અધ્યક્ષ/સભાપતિ પાસે હોય છે.

નોંધ : (1) જો અધ્યક્ષ/સભાપતિ સ્થગન માટે કોઈ સમયગાળો નક્કી ન કરે અર્થાત્ ગૃહની કાર્યવાહી ફરી ક્યારે શરૂ થશે તે જાહેર ન કરે તેને 'સાઈન ડાઈન સ્થગન' કહેવાય છે. બીજા શબ્દોમાં તેને 'અનિશ્ચિત સમયગાળાનું સ્થગન' પણ કહેવાય છે.

(2) અધ્યક્ષ/સભાપતિ સ્થગન માટે જાહેર કરેલ સમય પહેલા પણ ફરી બેઠક બોલાવી કાર્યવાહી શરૂ કરી શકે છે.

(3) જ્યારે કોઈ સત્ર અનિશ્ચિત સમય માટે સ્થગિત કરવામાં આવે છે, ત્યારબાદ રાષ્ટ્રપતિ તે સત્રની પૂર્ણાહૂતિ એટલે કે સત્રાવસાનની ઘોષણા કરે છે.

## સત્રાવસાન (Prarogation)

- સત્રાવસાન એટલે વર્તમાનં ચાલુ સત્રની પૂર્ણાહૂતિ અથવા સમાપ્તિ
- સ્થગન અને સત્રાવસાનમાં ભેદ એ છે કે સ્થગન જાહેર કરવાનો અધિકાર અધ્યક્ષ/સભાપતિ પાસે હોય છે. જ્યારે સત્રાવસાનની જાહેરાત રાષ્ટ્રપતિ દ્વારા થાય છે. રાષ્ટ્રપતિને આ સત્તા અનુચ્છેદ-85(2)(a) અંતર્ગત મળે છે.
- અહીં એ ખાસ નોંધવું કે સત્રાવસાનની કોઈ ખરડાઓ કે અન્ય કાર્યો જે ગૃહ સમક્ષ વિલંબિત હોય તો તેના પર અસર થતી નથી (ઉદાહરણ તરીકે અગાઉના સત્ર દરમિયાન પ્રસ્તુત કરવામાં આવેલા ખરડાઓ). પરંતુ અહીં નોંધવું કે બધી જ વિલંબિત સૂચનાઓ (Notices) (ખરડાની રજૂઆત સિવાયની) રદ થાય છે અને નવા સત્રમાં બધી સૂચનાઓ આપવી પડે છે.

નોંધ : (1) સ્થગન પ્રસ્તાવ બાદ બેઠક બોલાવવાની સત્તા અધ્યક્ષને છે, પરંતુ સત્રાવસાન બાદ બેઠક બોલાવવાની સત્તા માત્ર રાષ્ટ્રપતિને જ છે.

(2) સત્રાવસાન અને વિઘટનમાં તફાવત છે. સત્રાવસાનમાં સત્રની જ પૂર્ણાહૂતિ થાય છે જ્યારે વિઘટનમાં ચાલુ સરકારના શાસનનો અંત આવે છે.

## કોરમ (ગણપૂર્તિ)

- કોરમ અથવા ગણપૂર્તિ ગૃહની બેઠક યોજવા માટે હાજર ઓછામાં ઓછી સભ્યોની સંખ્યાનો સંદર્ભ આપે છે.
- બંધારણ દ્વારા લોકસભા અને રાજ્યસભા બંને માટે કોરમ માટેના સભ્યોની સંખ્યા 1/10 નક્કી કરવામાં આવી છે.
- આ રીતે, લોકસભાની બેઠક યોજવા માટે ઓછામાં ઓછા 55 સભ્યો હાજર હોવા જોઈએ, જ્યારે રાજ્યસભાની બેઠક યોજવા માટે ઓછામાં ઓછા 25 સભ્યો હાજર હોવા જોઈએ.
- જો ગણપૂર્તિ જેટલા સભ્યો હાજર ન હોય તો અધ્યક્ષ જ્યાં સુધી ગણપૂર્તિ જેટલા સભ્યો ન થાય ત્યાં સુધી બેઠક સ્થગિત રાખી શકે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## સંસદની સંયુક્ત બેઠક (અનુચ્છેદ-108)

<u>નાણાં ખરડો અને બંધારણીય સુધારા ખરડો સિવાયના</u> તમામ ખરડાઓમાં સંસદના બંને ગૃહોની સંયુક્ત બેઠક બોલાવી શકાય છે.

- સંસદની સંયુક્ત બેઠકની જોગવાઈ અંગેના સંજોગો :
  - (a) એક ગૃહ દ્વારા પસાર કરવામાં આવેલ ખરડાનો જ્યારે બીજા ગૃહ દ્વારા અસ્વીકાર કરવામાં આવે ત્યારે,
  - (b) જો એક ગૃહ દ્વારા સૂચવવામાં આવેલ સુધારનો બીજા ગૃહ દ્વારા અસ્વીકાર કરવામાં આવે ત્યારે.
  - (c) જો એક ગૃહ દ્વારા પસાર કરવામાં આવેલ ખરડો બીજુ ગૃહ 6 મહિના સુધી રોકી રાખે ત્યારે.
- <u>રાષ્ટ્રપતિ</u> દ્વારા <u>અનુચ્છેદ-108</u> અંતર્ગત સંયુક્ત બેઠક બોલાવવામાં આવે છે.
- આ સંયુક્ત બેઠકની અધ્યક્ષતા <u>લોકસભાના અધ્યક્ષ</u> કરે છે. જો તે ગેરહાજર હોય તો લોકસભાના ઉપાધ્યક્ષ અધ્યક્ષ સ્થાન લેશે, જો તે પણ ગેરહાજર હોય તો આ સ્થિતિમાં રાજ્યસભાના નાયબ અધ્યક્ષ આ જવાબદારી નિભાવે છે.
- જો ઉપરોક્તમાંથી કોઈ હાજર ન હોય તો તે બંને ગૃહોની સંમતિથી સંસદના અન્ય કોઈ એક સભ્યને અધ્યક્ષ તરીકે પસંદ કરશે.

નોંધ : ઉપરાષ્ટ્રપતિ એ સંસદના એકેય ગૃહના સભ્ય ન હોવાથી તે ગૃહની સંયુક્ત બેઠકમાં અધ્યક્ષ સ્થાન લઈ શકે નહીં.



1. કયા દિવસે 'આંતરરાષ્ટ્રીય ચેચ દિવસ' ઉજવવામાં આવે છે ?

(A) 19 જુલાઈ (B) 20 જુલાઈ (C) 21 જુલાઈ (D) 22 જુલાઈ **(B)**

2. તાજેતરમાં કોણે વડાપ્રધાનને પત્ર લખીને 'ભારતીય મજૂર પરિષદ' યોજવાનું કહયું છે ?

(A) આંતરરાષ્ટ્રીય મજૂર સંઘ (B) ભારતીય મજૂર સંઘ
(C) એશિયન મજૂર સંઘ (D) ઉપરોક્ત પૈકી એકપણ નહીં **(B)**

3. 'ભારતીય મજૂર પરિષદ' સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. આંતરરાષ્ટ્રીય મજૂર પરિષદની તર્જ પર આયોજિત 'ભારતીય મજૂર પરિષદ'ને દેશની 'મજૂર સંસદ' તરીકે પણ ઓળખવામાં આવે છે.
2. તે શ્રમ અને રોજગાર મંત્રાલયની ટોચની ત્રિપક્ષીય (સરકાર, રોજગાર અને કામદારો) સમિતિ છે.
3. તેમનું કાર્ય દેશમાં મજૂર વર્ગને લગતા મુદ્દાઓ પર સરકારને સલાહ આપવાનું છે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો

(A) 1, 2 અને 3 (B) ફક્ત 1 અને 2 (C) ફક્ત 2 અને 3 (D) ફક્ત 1 અને 3 **(A)**

4. એશિયન ડેવલપમેન્ટ બેંક (ADB)એ ભારતની આર્થિક વૃદ્ધિનું અનુમાન 11%થી ઘટાડીને............ કર્યુ છે ?

(A) 7% (B) 8% (C) 9% (D) 10% **(D)**

5. સંસદીય સત્રમાં નીચેનામાંથી કોનો સમાવેશ થતો નથી ?

(A) બજેટ સત્ર (B) ચોમાસુ સત્ર (C) ઉનાળુ સત્ર (D) શિયાળુ સત્ર **(C)**

6. ભારતીય બંધારણના કયા અનુચ્છેદમાં સંસદના સત્ર વિશેની જોગવાઈ કરવામાં આવી છે ?

(A) અનુચ્છેદ-109 (B) અનુચ્છેદ-98 (C) અનુચ્છેદ-85 (D) અનુચ્છેદ-75 **(C)**

7. ભારતીય બંધારણના કયા અનુચ્છેદમાં 'સંસદની સંયુક્ત બેઠક'ની જોગવાઈ કરવામાં આવી છે ?

(A) અનુચ્છેદ-107 (B) અનુચ્છેદ-108 (C) અનુચ્છેદ-109 (D) અનુચ્છેદ-110 **(B)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## કાપુ સમુદાય માટે અનામત

તાજેતરમાં આંધ્રપ્રદેશ સરકારે રાજ્ય સરકારના આંતરિક પદો અને સેવાઓમાં નિમણૂક માટે કાપુ સમુદાય અને અન્ય આર્થિક રીતે નબળા વર્ગો (EWS) માટે 10% અનામત આપવાની જાહેરાત કરી છે.

### કાપુ સમુદાય વિશે

કાપુ મુખ્યત્વે આંધ્રપ્રદેશ–તેલંગાણા ક્ષેત્રનો કૃષિ પ્રધાન સમુદાય છે.

- એવું માનવામાં આવે છે કે તેઓ હજારો વર્ષ પહેલા સંભવિત કામ્પિલ્ય (અયોધ્યાની નજીક) ગંગાના મેદાનોથી સ્થળાંતરિત થયા હતા.
- તેઓએ હાલના તેલંગાણામાં પ્રવેશ કર્યો હતો અને ગોદાવરી નદીના કિનારે સ્થાયી થયા તથા ત્યાં ખેતી શરૂ કરી હતી.
- કાપુ સમુદાય પોતાને 'પછાત જાતિ'ના વર્ગમાં સમાવિષ્ટ કરવાની માંગ કરી રહયો છે.

### EWS અનામત

વર્ષ 2019મા 103મા બંધારણીય સુધારા દ્વારા ભારતીય બંધારણમાં અનુચ્છેદ-15 અને અનુચ્છેદ-16માં સુધારો કરવામાં આવ્યો હતો.

- આ સુધારા દ્વારા બંધારણમાં અનુચ્છેદ-15(6) અને અનુચ્છેદ-16(6) ઉમેરવામાં આવ્યાં હતા.
- આ અંતર્ગત આર્થિક રીતે પછાત વર્ગના લોકોને શિક્ષણ અને સરકારી નોકરીઓમાં 10% અનામત આપવામાં આવ્યું હતું.

## IOC મથુરામાં ભારતનો પ્રથમ ગ્રીન હાઈડ્રોજન પ્લાન્ટ બનાવશે

ભારતની સૌથી મોટી ઓઈલ કંપની 'ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન' (IOC) તેલ અને ઉર્જાના શુદ્ધ સ્વરૂપોની વધતી માંગને પહોંચી વળવા તેની મથુરા રિફાઈનરી ખાતે દેશનો પ્રથમ 'ગ્રીન હાઈડ્રોજન' પ્લાન્ટ સ્થાપશે.

- અગાઉ કુદરતી ગેસ જેવા અશ્મિભૂત ઈંધણનો ઉપયોગ કરીને 'ગ્રે હાઈડ્રોજન' ઉત્પાદન પ્રોજેક્ટની જાહેરાત કરી હતી.
- IOC દ્વારા અનેક હાઈડ્રોજન ઉત્પાદન પ્લાન્ટો સ્થાપવાની યોજના છે.
- IOC એ એક રણનીતિ તૈયાર કરી છે, જેનો મુખ્ય ઉદ્દેશ આગામી 10 વર્ષમાં પેટ્રોકેમિકલ્સ, હાઈડ્રોજન અને ઈલેક્ટ્રિક ગતિશિલતાના વિસ્તરણને તેના મુખ્ય શુદ્ધીકરણ અને બળતણ માર્કેટિંગ વ્યવસાયો પર ધ્યાન કેન્દ્રીત કરવાનો છે.
- નોંધનીય છે કે વિશ્વમાં ઉર્જાની જરૂરિયાતોને પહોંચી વળવા માટે હાઈડ્રોજનને મહત્વપૂર્ણ માનવામાં આવે છે.



INSTITUTE FOR COMPETITIVE EXAMS

## IOC

IOCનું પૂરું નામ **'Indian Oil Corporation'** છે.

- ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન લિમિટેડ એ સરકારની માલિકીની ગેસ અને ઓઈલ કંપની છે.
- IOCની સ્થાપના વર્ષ 1959માં થઈ હતી.
- તેનું મુખ્ય મથક દિલ્હી ખાતે આવેલું છે.
- IOCના વર્તમાન અધ્યક્ષ શ્રી શ્રીકાંત માધવ વૈદ્ય છે.

નોંધ : મથુરા જિલ્લો ઉત્તરપ્રદેશ રાજ્યમાં સ્થિત છે.

## સ્માઈલ યોજના (Smile Scheme)

તાજેતરમાં સામાજિક ન્યાય અને અધિકારકતા મંત્રાલયે **"Support for marginalized Individuals for Livelihood and Enterprise-SMILE"** (આજીવિકા અને માર્જિનલાઈઝ્ડ વ્યક્તિઓ માટે સપોર્ટ) નામની એક યોજના તૈયાર કરી છે.

- તેમાં 'ભિખારીઓના વ્યાપક પુર્નવસવાટ માટેની યોજના' નામની કેન્દ્રીય ક્ષેત્રની પેટા યોજનાનો પણ સમાવેશ થાય છે.
- ભિખારીઓ અને ટ્રાન્સજેન્ડરો માટેની હાલની યોજનાઓના મર્જર પછીની આ નવી યોજના છે.
- આ યોજના રાજ્ય અને કેન્દ્રશાસિત પ્રદેશ સરકારો અને શહેરી સ્થાનિક સંસ્થાઓ સાથે ઉપલબ્ધ હાલના આશ્રય ઘરોના ઉપયોગ માટે ભિક્ષાવૃતિમાં રોકાયેલા વ્યક્તિઓના પુર્નવસનની ખાતરી આપે છે.
- આ યોજનાના કેન્દ્રમાં મોટા પ્રમાણમાં પુર્નવસન, તબીબી સુવિધાઓની જોગવાઈ, પરામર્શ, મૂળ દસ્તાવેજો, શિક્ષણ, કૌશલ્ય વિકાસ વગેરે છે.
- એક અંદાજ મુજબ આ યોજના હેઠળ આશરે **60,000** ગરીબ વ્યક્તિઓને પ્રતિષ્ઠિત જીવન જીવવાનો લાભ મળશે.
- આ યોજનાનો અમલ રાજ્ય–કેન્દ્રશાસિત પ્રદેશ સરકારો, સ્થાનિક શહેરી સંસ્થાઓ, સ્વૈચ્છિક સંસ્થાઓ, સમુદાય આધારિત સંસ્થાઓ અને અન્ય સહયોગથી કરવામાં આવશે.

### ભિખારીઓના વ્યાપક પુર્નવસન માટેની યોજના

ભીખ માંગવામાં રોકાયેલા વ્યક્તિ માટે આ એક વ્યાપક યોજના હશે.

- ભિખારી સમુદાયની સંખ્યા વધુ હોય તેવા પસંદગીના શહેરોમાં આ યોજના પાયલોટ ધોરણે લાગુ કરવામાં આવી છે.
- વર્ષ **2019-20** દરમિયાન મંત્રાલયે ભિખારીના કૌશલ્ય વિકાસ કાર્યક્રમ માટે 'રાષ્ટ્રીય સામાજિક રક્ષા સંસ્થા' (NISD)ને **1 કરોડ** રૂપિયા અને 'રાષ્ટ્રીય પછાત વર્ગ નાણાં અને વિકાસ નિગમ' (NBCFDC)ને **70 લાખ** રૂપિયાની રકમ જાહેર કરી હતી.

## ભારતમાં ભિખ માંગવાની સ્થિતિ

વર્ષ **2011**ની વસતી ગણતરી પ્રમાણે ભારતમાં ભિખારીઓની કુલ સંખ્યા **4,13,670** છે.

- જેમાં **2,21,673** પુરુષો અને **1,91,937** મહિલાઓનો સમાવેશ થાય છે. આ સંખ્યામાં ગત વસતી ગણતરી પછી ઘણી વૃદ્ધિ થઈ છે.
- આ યાદીમાં પશ્ચિમ બંગાળ પ્રથમ ક્રમે છે. ત્યારબાદ ઉત્તરપ્રદેશ અને બિહાર અનુક્રમે બીજા અને ત્રીજા ક્રમે છે.
- વર્ષ 2011ની વસતી ગણતરી મુજબ લક્ષદ્વીપમાં ભિખારીઓની સંખ્યા ફક્ત **2** હતી.
- કેન્દ્રશાસિત પ્રદેશમાં નવી દિલ્હીમાં સૌથી વધુ ભિખારી **2,187** હતા, ત્યારબાદ ચંદીગઢમાં **121** હતા.

## WEDNESDAY Questions

**1.** તાજેતરમાં આંધ્રપ્રદેશ સરકારે કયા સમુદાય માટે અને અન્ય આર્થિક રીતે નબળા વર્ગો માટે 10% અનામત આપવાની જાહેરાત કરી છે ?

(A) બૌરી (B) કાપુ (C) બેસોર (D) ભૈરિક — **(B)**

**2.** કાપુ મુખ્યત્વે.............ક્ષેત્રનો કૃષિ પ્રધાન સમુદાય છે ?

(A) આંધ્રપ્રદેશ–તેલંગાણા (B) આંધ્રપ્રદેશ–આસામ
(C) આંધ્રપ્રદેશ–મહારાષ્ટ્ર (D) આંધ્રપ્રદેશ–કેરળ — **(A)**

**3.** 103મો બંધારણીય સુધારો કયા વર્ષે કરવામાં આવ્યો હતો ?

(A) 2019 (B) 2017 (C) 2016 (D) 2015 — **(A)**

**4.** '103મા બંધારણીય સુધારા, 2019' સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

(A) આ સુધારા દ્વારા બંધારણમાં અનુચ્છેદ-15(6) અને અનુચ્છેદ-16(6) ઉમેરવામાં આવ્યા હતા.
(B) આ સુધારા અંતર્ગત આર્થિક રીતે પછાત વર્ગના લોકોને શિક્ષણ અને સરકારી નોકરીઓમાં 10% અનામત આપવમાં આવ્યું છે.
(C) (A) અને (B) બંને સાચા
(D) (A) અને (B) બંને ખોટા — **(C)**

**5.** IOC કયા સ્થળે ભારતનો પ્રથમ ગ્રીન હાઈડ્રોજન પ્લાન્ટ બનાવશે ?

(A) આગ્રા (B) મથુરા (C) પૂણે (D) ઈન્દોર — **(B)**

**6.** તાજેતરમાં કયા મંત્રાલયે 'સ્માઈલ યોજના' તૈયાર કરી છે ?

(A) સામાજિક ન્યાય અને અધિકારકતા મંત્રાલય (B) લોક ફરિયાદ અને પેન્શન મંત્રાલય
(C) માનવ સંસાધન વિકાસ મંત્રાલય (D) માહિતી અને પ્રસારણ મંત્રાલય — **(A)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## દિવસ મહિમા : 22 જુલાઈ, રાષ્ટ્રીય કેરી દિવસ (National Mango Day)

ભારતમાં દર વર્ષ 22 જુલાઈના રોજ '<u>નેશનલ મેન્ગો ડે</u>'ની ઉજવણી કરવામાં આવે છે.

- આ દિવસની ઉજવણીનો મુખ્ય ઉદ્દેશ રસદાર ફળ કેરી વિશે વધારેમાં વધારે માહિતી ફેલાવવાનો છે.
- કેરીનું વૈજ્ઞાનિક નામ '<u>મેંગીફેરા ઈન્ડિકા</u>' (Mangifera Indica) છે.
- અને તે <u>કાજૂ પરિવારનું</u> (Anacardiaceae)નું સભ્ય છે.
- તેમાં વિટામિન **<u>A, C અને D</u>** ભરપૂર માત્રામાં હોય છે.

નોંધ : (1) ભારતના કેરળમાં કન્નુર જિલ્લાના <u>કન્નમપુરમ</u>ને '<u>સ્વદેશી મેન્ગો હેરિટેજ એરિયા</u>' જાહેર કરવામાં આવ્યો છે.

(2) આ વિસ્તારમાં **<u>200થી વધુ</u>** કેરીની જાતો ઉગાડવામાં આવે છે.

## રાજકોટ AIIMSનો નવો લોગો જાહેર

તાજેતરમાં <u>રાજકોટ AIIMS</u>નો લોગો જાહેર કરવામાં આવ્યો છે.

- આ લોગોમાં વિવિધ વિષયો એકત્ર કરી ગુજરાતની ગરીમાને જાળવવાની સાથે સંસ્કૃતિ અને કલાની ઝલક પણ જોવા મળી રહી છે.
- આ લોગાની ડિઝાઈન રાજકોટ AIIMSના ડાયરેક્ટર <u>શ્રી સી. ડી. કચોટ</u>ના પત્નીએ તૈયાર કરી છે.
- આ લોગોમાં ગુજરાતની કલા અને સંસ્કૃતિની ધરોહર સહિત, દાંડીયા, સ્ટેચ્યુ ઓફ યુનિટી અને સિંહથી લઈ ગાંધીજીના ચરખા સાથે 33 જિલ્લાની ઓળખ જોવા મળે છે.

### એઈમ્સના લોગોમાં જોવા મળતા ગુજરાતના ચિહ્નો

(1) ગીર સિંહ
(2) હીરો
(3) ખુલ્લુ પુસ્તક
(4) વિંગ્સ
(5) કરોડરજ્જુ સમાન સ્ટાફ
(6) સ્ટેચ્યુ ઓફ યુનિટી
(7) સ્ટાર
(8) ચરખો
(9) લીલો રંગ
(10) બાંધણીની ડિઝાઈન
(11) દાંડીયા
(12) મહાસાગર
(13) બે સંસ્કૃત શ્લોક

### લોગોમાં સમાવિષ્ટ બે શ્લોક

(1) 'સર્વે સન્તુ નિરોગ્ય'
(2) 'વિદ્યા અમૃતમ શ્રુતે'

નોંધ : (1) વડાપ્રધાન <u>શ્રી નરેન્દ્રભાઈ મોદી</u>એ **<u>31 ડિસેમ્બર, 2020</u>**ના રોજ રાજકોટ AIIMSનું વર્ચ્યુઅલ ખાતમુહૂર્ત દિલ્હીથી વીડિયો કોન્ફરન્સિંગના માધ્યમથી કર્યુ હતું.

(2) AIIMSનું પૂરું નામ **<u>'All India Institute of Medical Science'</u>** છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

# DRDOએ 'આકાશ મિસાઈલ' અને 'MPATGM' મિસાઈલનું પરીક્ષણ કર્યું

તાજેતરમાં DRDOએ નવી પેઢીની 'આકાશ મિસાઈલ' (AKASH-NG) અને 'MPATGM' મિસાઈલનું સફળતાપૂર્વક પરીક્ષણ કર્યું છે.

## આકાશ મિસાઈલ (NG)

તે સપાટી (જમીન)થી હવામાં પ્રહાર કરનાર મિસાઈલ છે.

- તે આકાશ મિસાઈલની અપડેટ થયેલી આવૃત્તિ છે.
- તે આશરે 60થી 70 કિ.મી.ના અંતરે સ્થિત લક્ષ્યો પર પ્રહાર કરી શકે છે.
- એકવાર તૈનાત થયા પછી આ નવી પેઢીની 'આકાશ મિસાઈલ' હથિયાર પ્રણાલી ભારતીય વાયુસેનાની હવાઈ સંરક્ષણ ક્ષમતા માટે મહત્વપૂર્ણ બની રહેશે.
- હૈદરાબાદ સ્થિત 'સંરક્ષણ સંશોધન અને વિકાસ પ્રયોગ શાળા' (DRDL) અને DRDOની પ્રયોગ શાળાના સહયોગથી આ મિસાઈલ સિસ્ટમ વિકસાવી છે.
- તેનું નિર્માણ 'ભારત ઈલેક્ટ્રોનિક્સ લિમિટેડ' (BEL) અને 'ભારત ડાયનેમિક્સ લિમિટેડ' (BDL) દ્વારા કરવામાં આવી રહ્યું છે.
- આ મિસાઈલને મોબાઈલ પ્લેટફોર્મ દ્વારા યુદ્ધ ટેન્ક અથવા ટ્રકોથી લોન્ચ કરી શકાય છે.
- આ મિસાઈલનું સંચાલન સ્વદેશી રીતે વિકસિત રડાર 'રાજેન્દ્ર' દ્વારા કરવામાં આવે છે.
- નોંધનીય છે કે આકાશ મિસાઈલ સિસ્ટમ પ્રણાલીને 30 વર્ષીય જૂની 'ઈન્ટિગ્રેટેડ ગાઈડ–મિસાઈલ ડેવલપમેન્ટ પ્રોગ્રામ' (IGMDP)ના વિકાસના ભાગરૂપે બનાવવામાં આવી છે.

## MPATGM મિસાઈલ

- 'મેન પોર્ટેબલ એન્ટી ટેન્ક ગાઈડેડ મિસાઈલ' (MPATGM)એ સ્વદેશી નિર્મિત એન્ટી ટેન્ક ગાઈડ મિસાઈલ છે.
- એન્ટિ–ટેન્ક ગાઈડ મિસાઈલ એ એક મધ્યમ અથવા લાંબા અંતરની મિસાઈલ છે, જેનો મુખ્ય ઉદ્દેશ ટેન્ક અને અન્ય સશસ્ત્ર વાહનોનો નાશ કરવાનો છે.
- તે 'Fire and Forget' પ્રણાલી પર કાર્યરત ઓછા વજનની મિસાઈલ છે.
- તેને 15 કિલોગ્રામથી ઓછા વજનની સાથે 2.5 કિ.મી.ની મહત્તમ રેન્જમાં લોન્ચ કરવામાં આવી છે.
- આ મિસાઈલ અત્યાધુનિક ઈન્ફ્રારેડ ઈમેજિંગ સીકર અને એડવાન્સ્ડ એવિઓનિક્સથી સજ્જ છે.
- પરીક્ષણમાં ડાયરેક્ટ એટેક મોડમાં આ મિસાઈલે પ્રભાવશાળી ચોકસાઈથી લક્ષ્યનો સફળતાપૂર્વક નાશ કર્યો હતો.
- તેના સફળ પરીક્ષણથી સરકારના આત્મનિર્ભર ભારત અભિયાનને વેગ મળ્યો છે. અને ભારતીય સૈન્યને મજબૂતી પ્રદાન કરી છે.

## DRDO

DRDOનું પૂરું નામ 'Defence Research and Development Organization' છે.

- તેની સ્થાપના વર્ષ 1958ના રોજ થઈ હતી.
- તેનું વડુંમથક નવી દિલ્હી ખાતે આવેલું છે.
- તેનો મોટો (ધ્યેય વાક્ય) 'બલસ્ય મૂલં વિજ્ઞાનમ' છે.
- DRDOએ ભારતમાં સંરક્ષણ સંબંધિત સંશોધન માટેની એક અગ્રણી સંસ્થા છે.
- તે ભારતના સંરક્ષણ મંત્રાલયના એક અભિન્ન અંગ તરીકે કાર્ય કરે છે.

નોંધ : DRDOના વર્તમાન અધ્યક્ષ ડો. શ્રી જી. સતીશ રેડ્ડી છે.

1. કયા દિવસે 'રાષ્ટ્રીય કેરી દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે ?

(A) 21 જુલાઈ (B) 22 જુલાઈ (C) 23 જુલાઈ (D) 24 જુલાઈ **(B)**

2. તાજેતરમાં ગુજરાતની એકમાત્ર AIIMSનો લોગો જાહેર કરવામાં આવ્યો છે ?

(A) રાજકોટ AIIMS (B) અમદાવાદ AIIMS
(C) વડોદરા AIIMS (D) ગાંધીનગર AIIMS **(A)**

3. તાજેતરમાં જાહેર કરાયેલ રાજકોટ AIIMSના લોગોમાં કયા બે સંસ્કૃત શ્લોકનો સમાવેશ કરવામાં આવ્યો છે ?

(A) સર્વે સન્તુ નિરોગ્ય (B) વિદ્યા અમૃતમ શ્રુતે
(C) (A) અને (B) બંને (D) ઉપરોક્ત પૈકી એકપણ નહીં **(C)**

4. નવી પેઢીની 'આકાશ મિસાઈલ' (NG) સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. તે જમીનથી હવામાં પ્રહાર કરતી મિસાઈલ છે.
2. હૈદરાબાદ સ્થિત DRDL અને DRDOની પ્રયોગશાળાના સહયોગથી આ મિસાઈલ વિકસાવવામાં આવી છે.
3. આ મિસાઈલને મોબાઈલ પ્લેટફોર્મ દ્વારા યુદ્ધ ટેન્ક અથવા ટ્રકોથી લોન્ચ કરી શકાય છે.

(A) ફક્ત 1 અને 2 (B) 1, 2 અને 3 (C) ફક્ત 1 અને 3 (D) ફક્ત 2 અને 3 **(B)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

5. તાજેતરમાં DRDO દ્વારા 'MPATGM' મિસાઈલનું સફળ પરીક્ષણ કર્યુ હતું. તેના સંદર્ભે નીચેના પૈકી કયા વિધાનો સાચા છે ?

1. MPATGMનું પૂરું નામ 'મેન પોર્ટેબલ એન્ટી ટેન્ક ગાઈડેડ મિસાઈલ' છે.
2. તે 'Fire and Forget' પ્રણાલી પર કાર્યરત ઓછા વજનની મિસાઈલ છે.
3. તે સ્વદેશી નિર્મિત એન્ટી ટેન્ક ગાઈડેડ મિસાઈલ છે.
4. આ પરીક્ષણમાં ડાયરેકટ એટેક મોડમાં મિસાઈલે પ્રભાવશાળી ચોક્કસાઈથી લક્ષ્યનો સફળતાપૂર્વક નાશ કર્યો હતો.

(A) 1, 2, 3 અને 4 (B) ફક્ત 1, 2 અને 3 (C) ફક્ત 1 અને 3 (D) ફક્ત 2, 3 અને 4 **(A)**

6. DRDOની સ્થાપના કયા વર્ષે થઈ હતી ?

(A) 1955 (B) 1956 (C) 1957 (D) 1958 **(D)**

## દિવસ મહિમા : 23 જુલાઈ, રાષ્ટ્રીય પ્રસારણ દિવસ

## લિવરપૂલને વર્લ્ડ હેરિટેજ સાઈટ્સની સૂચિમાંથી દૂર કરવામાં આવ્યું

તાજેતરમાં ઈંગ્લેન્ડના લિવરપૂલ શહેરને યુનેસ્કોની વર્લ્ડ હેરિટેજ સૂચિમાંથી દૂર કરવામાં આવ્યું છે.

- યુનેસ્કો સમિતિ દ્વારા ગુપ્ત મતદાન બાદ આ નિર્ણય લેવામાં આવ્યો છે.
- લિવરપૂલને તેના દરિયાઈ ઈતિહાસને માન્યતા આપીને **વર્ષ 2004**માં વર્લ્ડ હેરિટેજનો દરજ્જો મળ્યો હતો.
- લિવરપૂલ **18મી અને 19મી સદી**માં વિશ્વના મોટા વેપાર કેન્દ્રોમાંનું એક હતું.
- વર્ષ **2012**માં લિવરપૂલને 'ખતરામાં વર્લ્ડ હેરિટેજ'ની સૂચિમાં મુકવામાં આવ્યું હતું.
- નોંધનીય છે કે લિવરપૂલને તેના ઐતિહાસિક વોટરફ્રન્ટ માટે **7 મિલિયન** ડોલરના પુર્નજીવન યોજનાના કારણે આ સૂચિમાંથી બહાર કાઢવામાં આવ્યું છે.

નોંધ : (1) વર્લ્ડ હેરિટેજ સાઈટ એક એવી જગ્યા છે જે યુનેસ્કો દ્વારા તેના વિશેષ સાંસ્કૃતિક અથવા શારીરિક મહત્ત્વ માટે સૂચિબદ્ધ કરવામાં આવે છે.

(2) તેનો ઉદ્દેશ વિશ્વભરમાં માનવતા માટેના મૂલ્યવાન માનવામાં આવતા સાંસ્કૃતિક અને પ્રાકૃતિક વારસાને ઓળખવા અને સુરક્ષિત કરવાનો છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## કેન્દ્રીય મંત્રીમંડળે લદ્દાખમાં કેન્દ્રીય યુનિવર્સિટી (Central University)ને મંજૂરી આપી

તાજેતરમાં કેન્દ્રીય કેબિનેટે લદ્દાખમાં સેન્ટ્રલ યુનિવર્સિટીની સ્થાપના માટે મંજૂરી આપી દીધી છે.

- **750** કરોડના ખર્ચે આ યુનિવર્સિટીનો વિકાસ કરવામાં આવશે.
- આ યુનિવર્સિટીનો પ્રથમ તબક્કો ચાર વર્ષમાં પૂર્ણ થશે.
- આ યુનિવર્સિટીની સ્થાપનાનો મુખ્ય ઉદ્દેશ લદ્દાખ કેન્દ્રશાસિત ક્ષેત્રમાં ઉચ્ચ શિક્ષણ સ્તરની પ્રાદેશિક અસંતુલનને દૂર કરવા અને ત્યાં સર્વાંગી વિકાસ સુનિશ્ચિત કરવાનો છે.
- આ ઉપરાંત એકીકૃત બહુહેતુક નિગમની રચનાની પણ કેબિનેટ દ્વારા ઘોષણા કરવામાં આવી હતી. આ નિગમ લદ્દાખના વિકાસ પ્રોજેક્ટની સંભાળ લેશે.
- આ નિગમ લદ્દાખમાં પર્યટન, ઉદ્યોગો અને વિવિધ પરિવહન સેવાઓ તેમજ હસ્તકલા અને સ્થાનિક પ્રદેશોના સ્થાનિક ઉત્પાદનોના માર્કેટિંગના વિકાસની પણ દેખરેખ રાખશે.
- નોંધનીય છે કે જમ્મુ-કાશ્મીર રાજ્યને બે કેન્દ્રશાસિત પ્રદેશમાં વિભાજીત કર્યા પછી આ વિસ્તારો જમ્મુ-કાશ્મીરમાં સ્થિત કેન્દ્રીય યુનિવર્સિટીના અધિકારક્ષેત્રમાંથી બહાર આવી ગયા હતા, જેના કારણે રાજ્યના લોકો માટે પરિસ્થિતિ એકદમ પડકારજનક બની હતી.

નોંધ : (1) લદ્દાખમાં કુલ બે જિલ્લા છે લેહ અને કારગીલ

(2) લદ્દાખ કેન્દ્રશાસિત પ્રદેશની સ્થાપના **31 ઓક્ટોબર, 2019**ના રોજ કરવામાં આવી હતી.

(3) લદ્દાખના વર્તમાન લેફટનન્ટ ગવર્નર શ્રી આર. કે. માથુર (રાધા કૃષ્ણ માથુર) છે.

## યુનાઈટેડ કિંગ્ડમના કેરિયર સ્ટ્રાઈક ગ્રુપે ભારતીય નૌકાદળ સાથે દરિયાઈ કવાયત શરૂ કરી

22 જુલાઈ 2021ના રોજ યુનાઈટેડ કિંગ્ડમના કેરિયર સ્ટ્રાઈક ગ્રુપ (CSG) 'HMS Queen Elizbeth' એરક્રાફ્ટ કેરિયરની આગેવાની હેઠળ ભારતીય નૌસેના સાથે બંગાળની ખાડીમાં ત્રણ દિવસીય દરિયાઈ કવાયતમાં જોડાયું છે.

- પ્રથમ વખત **HMS કવીન એલિઝાબેથ**ની આગેવાની હેઠળ યુનાઈટેડ કિંગ્ડમનું કેરિયર સ્ટ્રાઈક ગ્રુપ, 2021 ભારતીય નૌકાદળ સાથેના જટિલ દરિયાઈ ક્રિયાપ્રતિક્રિયામાં સામેલ થયું છે.
- આ ઉપરાંત બે દિવસીય દ્વિપક્ષીય પેસેજ અભ્યાસ (PASEX)માં, ભારતીય નૌકાદળ રોયલ નેવી સાથે સમુદ્ર, હવા અને ઉપસાટીની દરિયાઈ કવાયત પણ કરશે.
- આ કવાયતમાં બંને દેશોની સંયુક્ત દળોમાં **2 સબમરિન**, **10 જહાજ**, **20 વિમાન** અને **4000 જેટલા જવાનો**નો સમાવેશ કરવામાં આવશે.
- ભાગ લેનાર સૈન્ય સમુદ્રી ક્ષેત્રમાં શાંતિ, સુરક્ષા અને સ્થિરતાને પ્રોત્સાહન આપવા માટે તેમની લડાઈ કુશળતાને વધારવા અને એકીકૃત બળ તરીકે તેમની આંતર–કાર્યક્ષમતામાં વધારો કરવાનો પ્રયાસ કરશે.
- **HMS ક્વીન એલિઝાબેથ** એરક્રાફ્ટ કેરિયર એ યુનાઈટેડ કિંગ્ડમ દ્વારા બાંધવામાં આવેલું સૌથી મોટું સપાટી જહાજ છે.
- આ એરક્રાફ્ટ કેરિયર સંયુક્ત રીતે રોયલ નેવી, રોયલ એરફોર્સ અને યુ.એસ. મરીન કોર્પ્સ દ્વારા બનાવવામાં આવ્યું છે.

## FRIDAY Questions

1. ભારતમાં કયા દિવસે 'રાષ્ટ્રીય પ્રસારણ દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે ?
(A) 23 જુલાઈ (B) 24 જુલાઈ (C) 25 જુલાઈ (D) 26 જુલાઈ **(A)**

2. તાજેતરમાં કયા સ્થળને વર્લ્ડ હેરિટેજ સાઈટ્સની સૂચિમાંથી દૂર કરવામાં આવ્યું છે ?
(A) બ્રિજટાઉન (B) લિવરપૂલ (C) પોટીસી (D) તિવાનકુ **(B)**

3. લિવરપૂલ શહેર કયા દેશમાં સ્થિત છે ?
(A) અમેરિકા (B) રશિયા (C) જાપાન (D) ઈંગ્લેન્ડ **(D)**

4. લિવરપૂલને તેના દરિયાઈ ઈતિહાસને માન્યતા આપીને કયા વર્ષે વર્લ્ડ હેરિટાઈજનો દરજ્જો મળ્યો હતો ?
(A) 2004 (B) 2005 (C) 2006 (D) 2007 **(A)**

5. તાજેતરમાં કેન્દ્રીય મંત્રીમંડળે કયા કેન્દ્રશાસિત પ્રદેશમાં સેન્ટ્રલ યુનિવર્સિટી સ્થાપવા મંજૂરી આપી છે ?
(A) ચંદીગઢ (B) લક્ષદ્વીપ (C) પુડુચેરી (D) લદ્દાખ **(D)**

6. કેન્દ્રીય કેબિનેટે તાજેતરમાં કરેલી જાહેરાત અનુસાર લદ્દાખમાં કેટલા કરોડના ખર્ચે સેન્ટ્રલ યુનિવર્સિટીનો વિકાસ કરવામાં આવશે ?
(A) 550 કરોડ (B) 750 કરોડ (C) 850 કરોડ (D) 450 કરોડ **(B)**

7. તાજેતરમાં ભારતીય નૌસેનાએ બંગાળની ખાડીમાં 'કેરિયર સ્ટ્રાઈક ગ્રુપ' સાથે દરિયાઈ લશ્કરી કવાયત હાથ ધરી છે. જે કયા દેશનું છે ?
(A) યુનાઈટેડ કિંગ્ડમ (B) મલેશિયા (C) ઓસ્ટ્રેલિયા (D) અમેરિકા **(A)**

## દિવસ મહિમા : 24 જુલાઈ, આવકવેરા દિવસ (Income Tax Day)

ભારતમાં દર વર્ષે 24 જુલાઈના રોજ 'આવકવેરા દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- જોકે, એ સમયે 1857ના ભારતના પ્રથમ સ્વતંત્રતા સંગ્રામમાં થયેલા નુકસાનની ભરપાઈ માટે ભારતમાં આ Income Tax લાદવામાં આવ્યો હતો.
- આ ઘટનાને વર્ષ 2010માં 150 વર્ષ પૂરા થયા હતા.
- આથી, આ દિવસની યાદમાં ભારત સરકાર ઈન્કમ ટેક્સ ડિપાર્ટમેન્ટ દ્વારા 24 જુલાઈ, 2010થી આ દિવસની ઉજવણીનો પ્રારંભ કરવામાં આવ્યો હતો.
- આ અંતર્ગત વર્ષ 2010થી ભારતમાં આ દિવસની ઉજવણી કરવામાં આવે છે.

નોંધ : (1) સ્કોટલેન્ડમાં જન્મેલા સર જેમ્સ વિલ્સનને ભારતમાં બજેટ અને Income Tax સિસ્ટમના જનક માનવામાં આવે છે.

(2) વર્ષ 2021માં ભારતમાં 161મા 'આવક વેરા દિવસ'ની ઉજવણી કરવામાં આવી છે.

(3) આવક વેરાની ફરિયાદોના નિવારણમાં ગુજરાત સમગ્ર દેશમાં પ્રથમ ક્રમે છે.

## સુશ્રી મીરાબાઈ ચાનુએ ટોક્યો ઓલિમ્પિકમાં સિલ્વર મેડલ જીત્યો

સુશ્રી મીરાબાઈ ચાનુએ ટોક્યો ઓલિમ્પિકમાં વેઈટ લિફ્ટિંગમાં ભારતનો પ્રથમ સિલ્વર મેડલ (રજત પદક) જીતીને ઈતિહાસ રચ્યો છે.

- સુશ્રી મીરાબાઈ ચાનુએ 49 કિગ્રા વર્ગમાં સિલ્વર મેડલ જીત્યો છે.
- તેમણે ક્લીન એન્ડ જર્કમાં 115 કિલો અને સ્નેચમાં 87 કિલોથી કુલ 202 કિલો વજન ઉઠાવીને સિલ્વર મેડલ પોતાના નામે કર્યુ છે.
- આ સિલ્વર મેડલ સાથે તેમણે ટોક્યો ઓલિમ્પિક 2020માં ભારતના મેડલનું પણ ખાતુ ખોલ્યું છે.




ટોક્યો ઓલિમ્પિક્સ 2020માં મીરાબાઈ ચાનુએ વેઇટલિફ્ટિંગમાં સિલ્વર મેડલ જીત્યો

- આ ઈવેન્ટમાં ચીનના હો ઝિહુઈએ ગોલ્ડ મેડલ જીત્યો હતો જ્યારે બ્રોન્ઝ મેડલ ઈન્ડોનેશિયાના ખેલાડીએ જીત્યો હતો.
- નોંધનીય છે કે મીરાબાઈ ચાનુને આ ઓલિમ્પિકમાં ભારતના સૌથી મજબૂત મેડલના દાવેદાર માનવામાં આવતા હતા.
- એવું પ્રથમવાર બન્યુ છે કે ભારતે ઓલિમ્પિકના પહેલા દિવસે જ વેઈટ લિફ્ટીંગમાં મેડલ જીત્યો.

### સુશ્રી મીરાબાઈ ચાનુ

સુશ્રી મીરાબાઈ ચાનુ (Mirabai Chanu) ભારતીય વેઈટ લિફ્ટર ખેલાડી છે.

- તેમનો જન્મ 8 ઓગસ્ટ, 1994ના રોજ મણિપુરના ઈમ્ફાલ ખાતે થયો હતો.
- તેમણે 2014 કોમનવેલ્થ ગેમ્સમા સિલ્વર મેડલ જીત્યો હતો.
- આ ઉપરાંત વર્ષ 2018માં કોમનવેલ્થ ગેમ્સમાં ગોલ્ડ મેડલ અને વર્ષ 2017માં વર્લ્ડ ચેમ્પિયનશિપમાં ગોલ્ડ મેડલ જીત્યો હતો.
- સુશ્રી મીરાબાઈ ચાનુને ભારત સરકાર દ્વારા રાજીવગાંધી ખેલ રત્ન અને પદ્મશ્રી પુરસ્કારથી પણ સન્માનિત કરવામાં આવ્યા છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## RBI ડિજિટલ કરન્સીને પ્રાયોગિક ધોરણે અમલમાં મૂકશે

રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (RBI) તેના ડિજિટલ ચલણના લોન્ચિંગ માટે તબક્કાવાર અમલીકરણ વ્યૂહરચના પર કામ કરી રહી છે.

- તથા નજીકના ભવિષ્યમાં જથ્થાબંધ અને છૂટક ક્ષેત્રમાં તેને લોન્ચ કરશે.
- નાણાં મંત્રાલય દ્વારા રચિત એક ઉચ્ચ–સ્તરની આંતર–મંત્રી સમિતિએ RBI એક્ટ સહિતના કાનૂની માળખામાં ફેરફારની સાથે સેન્ટ્રલ બેંક ડિજિટલ ચલણની ભલામણ કરી હતી.
- ડિજિટલ ચલણ એ એક ચુકવણી પદ્ધતિ છે જે ફક્ત ઈલેક્ટ્રોનિક સ્વરૂપમાં અસ્તિત્વમાં છે.
- તે કમ્પ્યુટર અથવા સ્માર્ટફોન અને ઈન્ટરનેટ જેવી તકનીકીમાં મદદથી અથવા વપરાશકર્તાઓ વચ્ચે સ્થળાંતરીત કરી શકાય છે.
- ડિજિટલ ચલણને 'ડિજિટલ મની' અને 'સાયબરકેશ' તરીકે પણ ઓળખવામાં આવે છે.
- રિઝર્વ બેંકની ડિજિટલ કરન્સી સરકાર માટે કરન્સી ખર્ચમાં ઘટાડો કરાવશે અને વર્ચ્યુઅલ ખાનગી કરન્સી સામેના જોખમોને દૂર કરવામાં મદદરૂપ બની રહેશે.
- નોંધનીય છે કે ચીનમાં આવા પ્રકારની કરન્સી 'e-CNY' તરીકે ઓળખાય છે.

## SATURDAY Questions

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

1. ભારતમાં 'આવકવેરા દિવસ' અથવા 'ઈન્કમ ટેક્સ ડે' તરીકે કયો દિવસ ઉજવાય છે ?
   (A) 22 જુલાઈ (B) 23 જુલાઈ (C) 24 જુલાઈ (D) 25 જુલાઈ — **(C)**

2. 24 જુલાઈ, 1860ના રોજ ભારતમાં કોના દ્વારા આવકવેરાનો પ્રારંભ થયો હતો ?
   (A) સર જેમ્સ વિલિયમ્સ (B) સર હેનરી ફોર્ડ
   (C) સર જ્હોન વિલિયમ્સ (D) સર જેમ્સ વિલ્સન — **(D)**

3. કયા વર્ષથી ભારતમાં દર વર્ષે 'આવકવેરા દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે ?
   (A) 2010 (B) 2011 (C) 2012 (D) 2013 — **(A)**

4. તાજેતરમાં કયા ભારતીય મહિલા વેઈટલિફટરે ટોકિયો ઓલિમ્પિક 2020માં સિલ્વર મેડલ જીત્યો છે ?
   (A) સુશ્રી મીરાબાઈ ચાનુ (B) સુશ્રી મેરી કોમ
   (C) સુશ્રી સોનિયા ચાનુ (D) સુશ્રી વંદના ગુપ્તા — **(A)**

5. સુશ્રી મીરાબાઈ ચાનુ કયા રાજ્યના વતની છે ?
   (A) રાજસ્થાન (B) હરિયાણા (C) મણિપુર (D) આસામ — **(C)**

6. તાજેતરમાં RBI ડિજિટલ કરન્સીને પ્રાયોગિક ધોરણે અમલમાં મુકશે. આ ડિજિટલ કરન્સી સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?
   (A) ડિજિટલ ચલણ એ એક ચૂકવણી પદ્ધતિ છે. જે ઈલેક્ટ્રોનિક સ્વરૂપમાં અસ્તિત્વમાં છે.
   (B) ડિજિટલ ચલણને 'ડિજિટલ મની' તરીકે પણ ઓળખવામાં આવે છે.
   (C) ડિજિટલ ચલણને 'સાયબરકેશ' તરીકે પણ ઓળખવામાં આવે છે.
   (D) ઉપરોક્ત તમામ — **(D)**

# ONE LINER

## ગુજરાત

➤ **શ્રી વિજયભાઈ રૂપાણીએ ભક્ત કવિ નરસિંહ મહેતા યુનિવર્સિટીના પ્રથમ દિક્ષાંત સમારોહમાં વિદ્યાર્થીઓને ડિગ્રી એનાયત કરી**

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ જૂનાગઢની ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટીના દિક્ષાંત સમારોહમાં વિદ્યાર્થીઓને ડિગ્રી એનાયત કરી હતી. નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન 162 કોલેજના 30 હજારથી વધુ છાત્રોને વિવિધ 6 ફેકલ્ટીઝમાં પદવીઓ અને તજજ્ઞતા પ્રાપ્ત 43 દિકરીઓને સહિત 54 વિદ્યાર્થીઓને ગોલ્ડ મેડલથી સન્માનિત કરવામાં આવ્યા હતા. પોરબંદરના સાંદિપની ગુરૂકુળ આશ્રમના પ્રણેતા અને પ્રસિદ્ધ ભાગવત્ કથાકાર શ્રી રમેશભાઈ ઓઝાને આ યુનિવર્સિટી દ્વારા માનદ્ ડોકટોરેટની પદવી પણ મુખ્યમંત્રીશ્રીએ આ સમારોહમાં એનાયત કરી હતી. ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટીની સ્થાપના વર્ષ 2015માં કરવામાં આવી હતી. વર્તમાન તેમના ઉપ કુલપતિ શ્રી ડો. ચેતન ત્રિવેદી છે.

## ભારત

➤ **બે ભારતીય સંગઠનો એ UNDP Equator Prize-2021 જીત્યું**

બે ભારતીય સંગઠનોએ આ વર્ષનો UNDP Equator Prize 2021 જીત્યું છે. આ બંને સંગઠનોએ આબોહવા પરિવર્તન અને જૈવવિવિધતાના નુકસાનને પહોંચી વળવા અને તેમના સ્થાનિક વિકાસ લક્ષ્યોને પ્રાપ્ત કરવા માટેના નવીન, સ્થાનિક અને વિવિધ પ્રકૃતિ આધારિત ઉકેલોનું પ્રદર્શન કરવામાં તેમની અસાધારણ સિદ્ધિ માટે આ પ્રતિષ્ઠિત એવોર્ડ જીત્યો છે. વૈશ્વિક સ્તરે 10 વિજેતાઓમાંથી બે ભારતીય વિજેતા સંગઠનો છે. જેમાં સ્નેહકુંજા ટ્રસ્ટ (Snehakunjha Trust) અને અધિમાલાઈ પાઝંગુડીયનાર પ્રોડ્યુસર કંપની લિમિટેડ (Aadhimalai Pazhanguydiyinar Producer Compny Limited)ને આ એવોર્ડ મળ્યો છે. આ બંને સંગઠનોને 10,000 ડોલરની ઈનામ રકમ એનાયત થશે. આ ઉપરાંત તેમને આ વર્ષના અંતમાં નેચર ફોર લાઈફ હબ, યુનાઈટેડ નેશન્સ જનરલ એસેમ્બલી અને યુનાઈટેડ નેશન્સ ફૂડ સિસ્ટમ સમિટ સાથે જોડાયેલ વર્ચ્યુઅલ ઈવેન્ટ્સની શ્રેણીમાં ભાગ લેવાની તક મળશે.

➤ **ત્રિપુરા 'અગર'ની વ્યાપારી ખેતીને પ્રોત્સાહન આપશે**

તાજેતરમાં ત્રિપુરા સરકારે અગર વૃક્ષોના વ્યાપારી વાવેતરને પ્રોત્સાહન આપવા એક પહેલ શરૂ કરી છે. અને આગામી ત્રણ વર્ષમાં 2000 કરોડ રૂપિયાનું ટર્નઓવર કરવાનું લક્ષ્ય રાખ્યું છે. ત્રિપુરા સરકારે વર્ષ 2021-22માં 1500 કિલો અગર તેલ અને 75000 કિલો અગર ચિપ્સની નિકાસ કરવાની યોજના બનાવી છે. આ અંતર્ગત ત્રિપુરા સરકારે 'ત્રિપુરા અગર વુડ પોલિસી 2021' નામનો ડ્રાફ્ટ પણ લોન્ચ કર્યો છે અને વર્ષ 2025 સુધીમાં વૃક્ષારોપણ બમણા કરવાનું લક્ષ્ય છે. રાજ્યમાં હાલમાં 50 લાખથી વધુ અગર વૃક્ષો છે. અગર એ સદાબહાર વૃક્ષ છે જે ત્રિપુરા રાજ્યમાં વિપુલ પ્રમાણમાં ઉગે છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ➤ Historic Urban Landscape Project

યુનેસ્કો દ્વારા તેના 'હિસ્ટોરિક અર્બન લેન્ડસ્કેપ પ્રોજેકટ' અંતર્ગત મધ્યપ્રદેશ રાજ્યના ઓરછા અને ગ્વાલિયર શહેરોની પસંદગી કરવામાં આવી છે. આ પ્રોજેકટ વર્ષ 2011માં શરૂ થયો હતો. મધ્યપ્રદેશના મુખ્યમંત્રી શ્રી શિવરાજસિંહ ચૌહાણે વીડિયો કોન્ફરન્સના માધ્યમથી ઓરછા અને ગ્વાલિય શહેરની 'હિસ્ટોરિક અર્બન લેન્ડસ્કેપ પ્રોજેક્ટ'નો શુભારંભ કરાવ્યો હતો. વારાણસી અને અજમેર સહિતના એશિયાના છ શહેરો આ પ્રોજેક્ટમાં સામેલ છે. ગ્વાલિયર અને ઓરછા દક્ષિણ એશિયાના સાતમા અને આઠમા શહેર તરીકે સામેલ થયા છે. આ પ્રોજેક્ટ મધ્યપ્રદેશ રાજ્યના પર્યટનને પ્રોત્સાહન આપવામાં મદદ કરશે. યુનેસ્કોના આ પ્રોજેક્ટને અમલમાં મૂકવાથી ઈતિહાસ, સંસ્કૃતિ, પરંપરાઓ, પ્રકૃતિ તેમજ શહેરોના વારસાની સંપૂર્ણ કાળજી લેવામાં આવશે.

## ➤ મેઘાલય મંત્રીમંડળે 'મેઘાલય યુવાનીતિ, 2021'ને મંજૂરી આપી

તાજેતરમાં મેઘલાયના મંત્રીમંડળે 'મેઘાલય યુવા નીતિ, 2021'ને મંજૂરી આપી દીધી છે. આ નીતિનો ઉદ્દેશ રાજ્યના યુવાનો માટે તેમની સંપૂર્ણ સંભાવના પ્રાપ્ત કરવા અને રાજ્યના કાર્યક્ષમ, જવાબદાર, સર્જનાત્મક અને સશક્ત સદસ્ય બનવા માટે એક ક્ષેત્ર બનાવવાનું છે. મેઘાલયના મુખ્યમંત્રીશ્રી કોનરાડ સંગમાના જણાવ્યા અનુસાર રાજ્યની 31% વસતી 15થી 29 વર્ષની વય જૂથમાં આવે છે. આથી યુવાઓને ઉત્પાદક ભવિષ્ય તરફ દોરી જવા માટે આ નીતિની ખૂબ જ જરૂર હતી. આ નીતિ મેઘાલયના રમત અને યુવા બાબતોના વિભાગ દ્વારા ઘડવામાં આવી છે. આ નીતિ મેઘાલય સરકારના GSDPની સાથે સાથે SDG રેન્કિંગના આધાર પર 10 વર્ષમાં રાજ્યને ટોચના 10 રાજ્યમાં સ્થાન આપવાની વિઝનને અનુરૂપ છે.

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ➤ મેઘાલય મંત્રીમંડળે 'મેઘાલય યુવાનીતિ, 2021'ને મંજૂરી આપી

તાજેતરમાં મેઘલાયના મંત્રીમંડળે 'મેઘાલય યુવા નીતિ, 2021'ને મંજૂરી આપી દીધી છે. આ નીતિનો ઉદ્દેશ રાજ્યના યુવાનો માટે તેમની સંપૂર્ણ સંભાવના પ્રાપ્ત કરવા અને રાજ્યના કાર્યક્ષમ, જવાબદાર, સર્જનાત્મક અને સશક્ત સદસ્ય બનવા માટે એક ક્ષેત્ર બનાવવાનું છે. મેઘાલયના મુખ્યમંત્રીશ્રી કોનરાડ સંગમાના જણાવ્યા અનુસાર રાજ્યની 31% વસતી 15થી 29 વર્ષની વય જૂથમાં આવે છે. આથી યુવાઓને ઉત્પાદક ભવિષ્ય તરફ દોરી જવા માટે આ નીતિની ખૂબ જ જરૂર હતી. આ નીતિ મેઘાલયના રમત અને યુવા બાબતોના વિભાગ દ્વારા ઘડવામાં આવી છે. આ નીતિ મેઘાલય સરકારના GSDPની સાથે સાથે SDG રેન્કિંગના આધાર પર 10 વર્ષમાં રાજ્યને ટોચના 10 રાજ્યમાં સ્થાન આપવાની વિઝનને અનુરૂપ છે.

# વિશ્વ

➤ **કાન્સ ફિલ્મ ફેસ્ટિવલ-2021**

કાન્સ ફિલ્મ ફેસ્ટિવલ, 2021માં 'ટાઈટન' (Titan) ફિલ્મએ 'પાલ્મે ડી ઓર' (Palme d'or) એવોર્ડ જીત્યો છે. ફિલ્મ ટાઈટનની ફ્રેન્ચ દિગ્દર્શક સુશ્રી જુલિયા ડુકરોન 28 વર્ષમાં કાન્સ ફિલ્મ ફેસ્ટિવલમાં 'પાલ્મે ડી ઓર' પુરસ્કાર જીતનાર પ્રથમ મહિલા દિગ્દર્શક બન્યા છે. 18 જુલાઈ 2021ના રોજ ગ્રાન્ડ થેટ્રે લ્યુમિઅરમાં આ કાર્યક્રમના સમાપન સમારોહમાં 74માં કાન્સ ફિલ્મ ફેસ્ટિવલના પુરસ્કારો આપવામાં આવ્યા હતા. શ્રી લિયોસ કારેક્સને પોપ–ઓપેરા મ્યુજિકલ 'એનેટ' માટે શ્રેષ્ઠ નિર્દેષકનો એવોર્ડ એનાયત થયો હતો. શ્રી કાલેબ લેન્ડ્રી જોન્સને 'નિટ્રામ'માં મુખ્ય ભૂમિકા માટે શ્રેષ્ઠ અભિનેતાનો એવોર્ડ મળ્યો હતો. સુશ્રી નોર્વેજીયન રેનેટ રેન્સવેને 'ધ વસ્ટ પર્સન ઈન ધ વર્લ્ડ'માં તેમના અભિનય માટે શ્રેષ્ઠ અભિનેત્રીનો એવોર્ડ મળ્યો હતો. નોંધનીય છે કે ન્યૂઝીલેન્ડના સુશ્રી જેન કેમ્પિયન વર્ષ 1993માં 'ધ પિયાનો' માટે 'પાલ્મે ડી ઓર' પુરસ્કાર જીતનાર પ્રથમ મહિલા હતી. કાન્સ ફિલ્મ ફેસ્ટિવલ ફ્રાન્સના કાન્સ ખાતે યોજાય છે. આ સમારોહની સ્થાપના વર્ષ 1946માં કરવામાં આવી હતી.

➤ **શ્રી પેડ્રો કેસ્ટિલો (Pedro Castillo) પેરુના નવા રાષ્ટ્રપતિ બનશે**

તાજેતરમાં શ્રી પેડ્રો કેસ્ટિલોની પેરુના નવા રાષ્ટ્રપતિ તરીકે નિમણૂક કરવામાં આવી છે. 51 વર્ષીય પૂર્વશાળાના શિક્ષક અને યુનિયન નેતા શ્રી પેડ્રો કેસ્ટિલોને 50%થી વધુ મત પ્રાપ્ત થયા છે. શ્રી પેડ્રો કેસ્ટિલો લગભગ ચાર વર્ષ પહેલા રાષ્ટ્રીય રાજકીય દૃશ્ય પર દેખાયા હતા. તેમણે પગાર વધારા માટેના રાષ્ટ્રીય આંદોલનમાં હજારો શિક્ષકોનું નેતૃત્વ કર્યુ હતું. ઈતિહાસકારોના જણાવ્યા અનુસાર શ્રી પેડ્રો કેસ્ટિલો પેરુના રાષ્ટ્રપતિ બનનારા પ્રથમ ખેડૂત છે. તેમણે પેરુના ઉત્તરી ટેરિટરીના વતની ગામમાં શાળાના શિક્ષક તરીકે કામ કર્યુ હતું. પેરુ દેશ પેસિફિક મહાસાગરના કાંઠે સ્થિત છે. ક્ષેત્રફળની દષ્ટિએ તે દક્ષિણ અમેરિકાનો ત્રીજો સૌથી મોટો દેશ છે. પેરુમાં એંગ્લોબીઝ નામની માછલીનું સૌથી વધુ ઉત્પાદન થાય છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

➤ **અમેરિકા, અફઘાનિસ્તાન, પાકિસ્તાન અને ઉઝબેકિસ્તાન કવાડ (QUAD) જૂથ બનાવશે**

અમેરિકા, અફઘાનિસ્તાન, પાકિસ્તાન અને ઉઝબેકિસ્તાન પ્રાદેશિક જોડાણ વધારવાના પ્રાથમિક ઉદ્દેશ સાથે નવું ચતુર્ભૂજ રાજદ્વારી પ્લેટફોર્મ (Quadrilateral diplomatic Platform) સ્થાપિત કરવા માટે એક સૈદ્ધાંતિક કરાર કર્યો છે. આ જૂથની ઘોષણા અમેરિકાના રાષ્ટ્રપતિ શ્રી જો બાઈડેને કરી હતી. અફઘાનિસ્તાનમાંથી અમેરિકાના સૈનિકોને પાછા બોલાવી લેવાના કારણે અફઘાનિસ્તાનમાં વધી રહેલી હિંસા વચ્ચે અમેરિકા અફઘાનિસ્તાન, ઉઝબેકિસ્તાન અને પાકિસ્તાન દ્વારા એક નવું ચતુર્ભૂજ જૂથ બનાવવામાં આવી રહયું છે. શ્રી જો. બાઈડેનના વહીવટ પ્રમાણે આ નવા કવાડ જૂથબંધિનું ધ્યાન પ્રાદેશિક જોડાણ વધારવા અને અફઘાનિસ્તાન દેશ પર રહેશે.

➤ **રશિયાએ S-500 એર ડિફેન્સ મિસાઈલનું પરીક્ષણ કર્યુ**

20 જૂલાઈ 2021ના રોજ રશિયાએ જાહેરાત કરી હતી કે તેણે દેશની દક્ષિણ તાલીમ શ્રેણી પર તેની નવી એર ડિફેન્સ મિસાઈલ સિસ્ટમ S-500નું સફળ પરીક્ષણ કર્યુ છે. રશિયાના જણાવ્યા અનુસાર S-500એ વિશ્વની સૌથી અદ્યતન એન્ટિ મિસાઈલ સિસ્ટમ છે અને તે 600 કિ.મી.ની પ્રહાર ક્ષમતા ધરાવે છે. આ મિસાઈલ સિસ્ટમ અંતરિક્ષથી થતા હુમલાઓનો પ્રતિકાર કરવામાં પણ સક્ષમ છે. કયુસ્ટિન યાર તાલીમ મેદાન પર આ મિસાઈલનું સફળ પરીક્ષણ કરવામાં આવ્યું હતું. આ મિસાઈલને મોસ્કો શહેરની બહાર વાયુ સંરક્ષણ એકમમાં મૂકવામાં આવશે.

### ➢ શ્રી જેફ બેજોસની અંતરિક્ષની સફર

વિશ્વના સૌથી ધનિક વ્યક્તિ શ્રી જૈફ બેજોસે 20 જુલાઈના રોજ પૃથ્વીથી 110 કિ.મી.ની ઊંચાઈએ ઉડાન ભરી હતી. તેઓએ 11 મિનિટના અંતરિક્ષ પ્રવાસ બાદ પૃથ્વી પર પાછા ફર્યા હતા. તેમની પોતાની કંપની બ્લૂ એરિજનના ન્યૂ શેફર્ડ રોકેટ દ્વારા તેમના ભાઈ માર્ક, નાસાના પૂર્વ અવકાશ યાત્રી મહિલા સુશ્રી વેલી ફંક અને ઓલિવર દાઈમેને પણ આ પ્રવાસ કર્યો હતો. નીલ આર્મસ્ટ્રોંગ અને બજ એલ્ડ્રિન ચંદ્ર પર પહોંચ્યાની 52મી એનિવર્સરીને યાદગાર બનાવવા માટે 20 જુલાઈની તારીખ પસંદ કરાઈ હતી. નોંધનીય છે કે નીલ આર્મસ્ટ્રોંગ અને બજ એલ્ડ્રિન 20 જુલાઈ 1969ના રોજ ચંદ્ર ઉપર પહોંચ્યા હતા.

### ➢ નોર્ડ સ્ટ્રીમ 2 પાઈપલાઈન

તાજેતરમાં અમેરિકાએ 'જર્મની–રશિયા નોર્ડ સ્ટ્રીમ-2 પાઈપલાઈન' (NS2P) પ્રોજેક્ટને મંજૂરી આપી છે. જે રશિયા અને યુરોપની ઊર્જા નિર્ભરતામાં નોંધપાત્ર વધારો કરશે. નોંધનીય છે કે અમેરિકાએ આ અગાઉ રશિયા અને જર્મની વચ્ચે આ ગેસ પાઈપલાઈન પૂર્ણ થવા પર પ્રતિબંધ લગાવી દીધો હતો. નોર્ડ સ્ટ્રીમ પાઈપલાઈન એ 1200 કિ.મી. લાંબી પાઈપલાઈન છે. જે રશિયાના ઉસી–લુગાથી જર્મનીમાં ગ્રેફસવાલ્ડ સુધી બાલ્ટિક સમુદ્રથી પસાર થાય છે. તેમાં વાર્ષિક 55 અબજ ક્યુબિક મીટર ગેસ વહન કરવાની ક્ષમતા હશે. આ પાઈપલાઈન બનાવવાનો નિર્ણય વર્ષ 2015માં કરવામાં આવ્યો હતો.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ICE ? Questions

- ➢ કાન્સ ફિલ્મ ફેસ્ટિવલ-2021માં કઈ ફિલ્મએ 'પાલ્મે ડી ઓર' એવોર્ડ જીત્યો છે ? – ટાઈટન
- ➢ કાન્સ ફિલ્મ ફેસ્ટિવલ-2021માં શ્રેષ્ઠ અભિનેતાનો એવોર્ડ કોને મળ્યો હતો ? – શ્રી કાલેબ લેન્ડ્રી જોન્સન
- ➢ શ્રી વિજયભાઈ રૂપાણીએ કઈ યુનિવર્સિટીના પ્રથમ દિક્ષાંત સમારોહમાં વિદ્યાર્થીઓને ડિગ્રી એનાયત કરી હતી ? – ભક્ત કવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી
- ➢ શ્રી વિજયભાઈ રૂપાણીએ ભક્ત કવિ નરસિંહ મહેતા યુનિવર્સિટીના દિક્ષાંત સમારોહમાં કયા કથાકારને માનદ્ ડોકટોરેટની પદવી એનાયત કરી હતી ? – શ્રી રમેશભાઈ ઓઝા
- ➢ તાજેતરમાં પેરુના નવા રાષ્ટ્રપતિ કોણ બન્યું છે ? – શ્રી પેડ્રો કેસ્ટિલો
- ➢ કયું રાજ્ય અગરની વ્યાપારી ખેતીને પ્રોત્સાહન આપશે ? – ત્રિપુરા
- ➢ અમેરિકા, અફઘાનિસ્તાન, પાકિસ્તાન અને ઉઝબેકિસ્તાન.........જૂથ બનાવશે ? – ક્વાડ
- ➢ તાજેતરમાં કયા દેશે S-500 એર ડિફેન્સ મિસાઈલનું પરીક્ષણ કર્યુ ? – રશિયા
- ➢ તાજેતરમાં શ્રી જેફ બેજોસે પૃથ્વીથી કેટલા કિ.મી.ના અંતરે અંતરિક્ષમાં ઉડાન ભરી હતી ? – 110 કિ.મી.
- ➢ યુનેસ્કોના 'હિસ્ટોરિક અર્બન લેન્ડસ્કેપ પ્રોજેક્ટ' અંતર્ગત મધ્યપ્રદેશના કયા બે રાજ્યની પસંદગી કરવામાં આવી છે ? – ગ્વાલિયર અને ઓરછા
- ➢ તાજેતરમાં અમેરિકાએ જર્મની–રશિયાની કઈ પાઈપલાઈનની મંજૂરી આપી છે ? – નોર્ડ સ્ટ્રીમ-2

1. અમરાબાદ ટાઈગર રિઝર્વ, જે તાજેતરમાં સમાચારમાં રહયું હતું. તે કયા રાજ્યમાં સ્થિત છે ? – તેલંગાણા

2. ગલ્ફ ક્ષેત્રમાં ભારતીય જાહાજોની સુરક્ષા માટે ભારતીય નૌકાદળ દ્વારા શરૂ કરાયેલા ઓપરેશનનું નામ શું છે ? – ઓપરેશન સંકલ્પ

3. કયો દેશ વર્ષ 2021માં એશિયા–પેસિફિક આર્થિક સહયોગ (APES)નો યજમાન દેશ છે ? – ન્યુઝીલેન્ડ

4. તાજેતરમાં શ્રી લુઈસ હેમિલ્ટને સિલ્વરસ્ટોન ખાતે આયોજીત ફોર્મ્યુલા વન રેસ ગ્રાન્ડ પ્રિક્સ જીતી છે. તે કયા દેશના વતની છે ? – યુનાઈટેડ કિંગ્ડમ

(બ્રિટીશ ગ્રાન્ડ પ્રિક્સ એ યુનાઈટેડ કિંગ્ડમમાં યોજાતી મોટર રેસ છે. યુનાઈટેડ કિંગ્ડમના શ્રી લુઈસ હેમિલ્ટને આઠમી વખત આ રેસ જીતી છે.)

5. ભારતના જયનગર અને નેપાળના કયા સ્ટેશન વચ્ચે ટ્રેનનું સફળતાપૂર્વક પરીક્ષણ કરવામાં આવ્યું છે ? – કુર્થા

(ભારતમાં જયનગર અને નેપાળના કુર્થા વચ્ચેની ટ્રેનનું 18 જુલાઈ 2021ના રોજ સફળતા પૂર્વક સફળ પરીક્ષણ કર્યુ હતું. કુર્થા નેપાળના મહોત્તરી જિલ્લામાં સ્થિત છે. જ્યોર જયનગર બિહારના મધુબની જિલ્લામાં સ્થિત છે.)

6. FASTER યોજના કોની સાથે સંકળાયેલ છે ? – ભારતની સુપ્રીમ કોર્ટ

(ભારતના મુખ્ય ન્યાયાધીશ શ્રી એન. વી. રમને FASTER નામની નવી યોજના શરૂ કરી છે. આ યોજના હેઠળ સુપ્રીમ કોર્ટ તુરંત જામીન અને અન્ય આદેશો જેલના અધિકારીઓ, જિલ્લા અદાલતો અને ઉચ્ચ અદાલતોને ટ્રાન્સફર કરશે. FASTERનું પૂરું નામ 'Fast and Secure Transmission of Electronic Records' છે.)

7. તાજેતરમાં કયા દેશો સાથે ભારતે વર્ચ્યુઅલ દરિયાઈ કવાયત 'એકસરસાઈઝ શીલ્ડ'નું આયોજન કર્યુ હતું ? – શ્રીલંકા અને માલદીવ્સ

8. તાજેતરમાં સમાચારમાં આવેલ શ્રી ગિરાભાઈ સારાભાઈ કયા ક્ષેત્ર સાથે સંકળાયેલ છે ?– વસ્તુકલા (આર્કિટેકચર)

9. 'ચાઈલ્ડ ટેક્સ પ્રોગ્રામ' એ કયા દેશમાં લાગુ કરવામાં આવેલ મુખ્ય કાર્યક્રમ છે ? – અમેરિકા

10. ગુજરાતના..........જિલ્લાને સંપૂર્ણ પ્રાકૃતિક કૃષિ આધારિત જિલ્લો બનાવવાનો રાજ્ય સરકારે નિર્ણય નિર્ધાર કર્યો છે ? – ડાંગ

11. તાજેતરમાં વિજયભાઈ રૂપાણીએ 'આંતરના ઝરુખેથી' પુસ્તકનું વિમોચન કર્યુ હતું. તે કોનું પુસ્તક છે ? – પૂર્વ મંત્રીશ્રી નરોત્તમભાઈ પટેલ

12. તાજેતરમાં શરૂ કરાયેલા રાષ્ટ્રીય લોજિસ્ટિકસ એકસેલન્સ એવોર્ડ સાથે કયું મંત્રાલય સંકળાયેલ છે ? – વાણિજય અને ઉદ્યોગ મંત્રાલય

INSTITUTE FOR COMPETITIVE EXAMS

13. પશુપાલન અને ડેરી વિભાગ દ્વારા તાજેતરમાં સ્થાપિત DIAનું પૂરું નામ જણાવો ?

– Dairy Invenstment Accelerator

14. ભારતીય હેરિટેજ સંસ્થાને કયા શહેરમાં સ્થાપિત કરવામાં આવશે ? – નોઈડા

(કેન્દ્ર સરકારે એક છત્ર સંસ્થા તરીકે નોઈડામાં ભારતીય હેરિટેજ સંસ્થા સ્થાપવાનો નિર્ણય કર્યો છે. જે હેઠળ દેશની તમામ વિરાસત સંસ્થાઓ કાર્યરત રહેશે.)

15. ગ્રીન નેશનલ હાઈવે કોરિડોર વિકસાવવા માટે ભારત સરકારે કઈ બેંક સાથે લોન કરાર પર હસ્તાક્ષર કર્યા છે ?

– વર્લ્ડ બેંક

16. યુનાઈટેડ સ્ટેટ્સની સેનેટ દ્વારા ભારતીય મૂળના કયા વ્યક્તિને મજૂર વિભાગના વકીલ તરીકે નિમણૂક કરવામાં આવી છે ?

– સુશ્રી સિમા નંદા

17. તાજેતરમાં ચીનમાં મંકી બી વાયરસનો પ્રથમ કેસ જોવા મળ્યો હતો. આ વાયરસની પ્રથમ વખત ઓળખ કયા વર્ષે થઈ હતી ?

– 1932

18. તાજેતરમાં કોણે ઉચ્ચ શક્તિવાળુ બીટા ટાઈટેનિયમ મિશ્ર ધાતુ વિકસાવી છે ? – DRDO

19. ઓલિમ્પિકનું નવું આદર્શ વાક્ય (સુત્ર) શું છે ? – Faster, Higher, Stronger-To gether

(20 જુલાઈ 2021ના રોજ ઓલિમ્પિકનું આદર્શ વાક્ય 'Faster, Higher Stronger' બદલીને 'Faster, Higher Stronger Together' અપડેટ કરવામાં આવ્યું છે. આ અપડેટ COVID-19 મહામારી દરમિયાન વિશ્વભરમાં એકતા દર્શાવવા માટે કરવામાં આવ્યું છે.)

20. તાજેતરમાં ચર્ચામાં રહેલ NEA Scout અવકાશ યાન કઈ સ્પેસ એજન્સિનું છે ? – NASA

21. હૈતિના નવા વડાપ્રધાનનું નામ જણાવો ? – એરિયલ હેનરી

22. અફઘાનિસ્તાન અંગે 'ટ્રોઈકા પ્લસ' (Trioka Plus) બેઠકમાં કોણે પ્રથમ વખત ભારતને આમંત્રણ આપ્યું છે ?

– રશિયા

23. 'ચેકમેટ' સ્ટેલ્થ લડાકુ વિમાન તાજેતરમાં સમાચારમાં હતું. તે કયા દેશનું છે ? – રશિયા

24. IIT રોપડ દ્વારા વિકસિત 'AMILEX' શું છે ? – ઓક્સિજન રાશનિંગ ડિવાઈસ

25. FIDE કઈ રમતનું આંતરરાષ્ટ્રીય મહાસંઘ છે ? – ચેસ

26. તાજેતરમાં કયો દેશ ભારતને 21 'MIG-29' લડાકુ વિમાન સપ્લાય કરશે ? – રશિયા

27. તાજેતરમાં કેટલામી 'મેકોંગ–ગંગા સહકાર' (Mekong - Ganga Cooperation)ની બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું ? – 11મી

(21 જુલાઈ, 2021ના રોજ 11 મી મેકોંગ–ગંગા સહકાર'ની બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. ભારતના વિદેશ મંત્રી શ્રી એસ. જયશંકરે આ બેઠકને સંબોધન કર્યુ હતું. ભારત મેકોંગ ક્ષેત્રને મહત્ત્વપૂર્ણ માને છે. આથી જ તે મેકોંગ દેશો સાથે જોડાણ કરવા માંગે છે.)

28. તાઈવાન કયા દેશામાં 'તાઈવાન' નામથી તેમનું પ્રથમ કાર્યાલય સ્થપાશે ? – લિથુનીયા

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

29. નાણાં મંત્રાલયના સંયુક્ત સચિવ ______ની સંયુક્ત રાષ્ટ્રની કરવેરા સમિતિના સભ્ય તરીકે નિમણૂક કરવામાં આવી છે.
– શ્રી રશ્મિ રંજન દાસ
(નાણાં મંત્રાલયના સંયુક્ત સચિવ શ્રી રશ્મિ રંજન દાસની સંયુક્ત રાષ્ટ્રની કરવેરા સમિતિના સભ્ય તરીકે નિમણૂક કરવામાં આવી છે. આ નિમણૂક વર્ષ 2021 થી 2025 સમયગાળા માટે કરવામાં આવી છે.)

30. 'પરમાણુ ફુટબોલ' (Nuclear Football) જે તાજેતરમાં સમાચારમાં છવાયેલો છે. તે કયા દેશ સાથે સંબંધિત છે ?
– અમેરિકા

31. કયા દેશમાં 308 મિલિયન વર્ષ પહેલાના 'માઈક્રોસોર'(ગરોળી જેવું પ્રાણી)ની આંગળી આકારના અવશેષો મળી આવ્યા છે ?
– અમેરિકા

32. તાજેતરમાં કયા સ્થળે વિશ્વનો પ્રથમ 3D પ્રિન્ટેડ સ્ટીલ પદયાત્રી પુલનું અનાવરણ કરવામાં આવ્યું છે ?
– એમ્સ્ટરડેમ (નેધરલેન્ડ)

33. તાજેતરમાં કયા રાજ્યની યુનિવર્સિટીઓમાં ટ્રાન્સજેન્ડરને પ્રવેશ માટે વયમર્યાદા દૂર કરી છે ? – કેરળ

34. તાજેતરમાં કોણ ફરી 'આંતરરાષ્ટ્રીય ઓલિમ્પિક સમિતિ'ના 'એથિક્સ કમિશન'ના અધ્યક્ષ તરીકે ચૂંટાયા છે ?
– શ્રી બાન–કી–મૂન

35. તાજેતરમાં કોના દ્વારા ડ્રોન વિરોધી તકનીકીઓના ઉકેલો શોધવા માટે ઈનોવેશન હબની શરૂઆત કરી છે ?
– IIT કાનપુર

36. ટોકિયો ઓલિમ્પિક 2020ની 'ઓલિમ્પિક મશાલ' કોણે પ્રગટાવી હતી ?
– સુશ્રી નાઓમી ઓસાકા (જાપાનના ટેનિસ ખેલાડી)

37. છતીસગઢ રાજ્યના બિલાસપુર સ્થિત સેન્ટ્રલ યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર તરીકે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કયા અધ્યાપકની નિમણૂક કરવામાં આવી છે ? – પ્રો. અલોક ચક્રવાલ

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS



સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ
તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે
નીચે આપેલા અમારા
Social Media Icon પર Click કરો.

JOIN OUR WHATSAPP GROUP
joinicerajkot.com

JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial

YouTube
ICE RAJKOT

Instagram
ICE RAJKOT

Facebook
like | comment | share
ICE RAJKOT

twitter
ICE RAJKOT